| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | ૬૫ | | |
| દાખલ તારીખ | : | ૦૨ | ૦૫ | ૨૦૨૬ |
| રજીસ્ટર્ડ તારીખ | : | ૦૨ | ૦૫ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૩૦ | ૦૭ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૦ | ૦૨ | ૨૮ |

# મે.શ્રી ખાસ જજ (પોક્સો) તથા ચોથા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલત, કલોલ, જિ.ગાંધીનગર

**સ્પે. પોક્સો નંબર–૦૯/૨૦૨૬**

---

**ફરિયાદી** : શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપી** : જનકજી જસવંતજી માનસંગજી ઠાકોર
ઉ.વ.૨૯ ધંધો.મજુરી રહે. મ.નં.૧૨૦ માનસરોવર
સોસાયટી છત્રાલ, તા.કલોલ. જી.ગાંધીનગર.
મુળ રહે.સેંદરડી તા.કડી જી.મહેસાણા.

---

| | |
|---|---|
| **ફરિયાદપક્ષ તરફે** | : વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોષી |
| **આરોપી તરફે** | : વિ.વ.શ્રી એસ.એ.પઠાણ |

---

**નામદાર સુપ્રીમકોર્ટના SUO MOTO WRIT(CRL) NO. (S)1/2017 તથા ધ ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના – અન્વયેના નોટિફિકેશન નંબર–સી–૨૦૦૧–૯૩,તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમા મુજબ**

---

**<u>योऽकामां दूषयेत् कन्यां स सद्यो वधमर्हति ।</u>**
**<u>सकामां दूषयंस्तुल्यो न वधं प्राप्नुयान्नरः ॥</u>**

"If a man violates a girl or maiden against her will (forcibly), he deserves immediate death sentence (execution); however, if he approaches a willing one of equal status, he shall not suffer death."

## ફોર્મ–એ

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | ભારતીય ન્યાય સંહિતા કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એક્ટ કલમ–૪,૬. |
| ફરિયાદી | : | શ્રી ગુજરાત સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | : | જે.એચ. જોષી |
| આરોપી | : | જનકજી જસવંતજી માનસંગજી ઠાકોર |
| આરોપી તરફે વિ.વ.શ્રી | : | એસ.એ.પઠાણ |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૧૮/03/૨૦૨૬ |
| ફરિયાદ તારીખ | : | ૨૦/03/૨૦૨૬ |
| ચાર્જશીટની તારીખ | : | ૦૧/૦૫/૨૦૨૬ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૦૫/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | : | ૨૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | 3૦/૦૭/૨૦૨૬ |
| સાજાના હુકમની તારીખ (જો કોઇ હોય તો) | : | આખરી હુકમ મુજબ |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનુ નામ | જનકજી જસવંતજી માનસંગજી ઠાકોર |
| ધરપકડની તારીખ | ૨૩/03/૨૦૨૬ |

| | |
|---|---|
| જામીન પર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | – |
| ક્યાં ગુનાના આક્ષેપો છે? | ભારતીય ન્યાય સંહિતા કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એક્ટ કલમ–૪, ૬. |
| નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર? | દોષિત |
| શું સજા કરી? | આખરી હુકમ મુજબ |
| સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે? | તા.૨૩/૦૩/૨૦૨૬ થી આજ દિન સુધી |

## <u>ફોર્મ–સી</u>

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનું લીસ્ટ

**(એ) ફરિયાદપક્ષ તરફે**
**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો**

| નં. | સાહેદનુંનામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | નિરવ વિષ્ણુભાઇ દવે | આરોપીઅનેભોગબનનારના કપડાના પંચ | ૦૯ |
| ૦૨ | જાગૃતિબેન નવિનચંદ્ર વ્યાસ | આરોપીઅનેભોગબનનારના કપડાના પંચ | ૧૪ |
| ૦૩ | સુનીલભાઇ શીવાભાઇ ચૌધરી | ગુનાવાળી જગ્યાના પંચ | ૧૭ |
| ૦૪ | ભોગબનનારના માતા | ફરીયાદી | ૧૯ |
| ૦૫ | ભોગબનનાર | ભોગબનનાર | ૨૩ |
| ૦૬ | ભોગબનનારના પિતા | સાહેદ | ૨૬ |
| ૦૭ | ડૉ.પરાગભાઇ મહેશકુમાર પટેલ | ડૉ.સાહેદ | ૨૭ |

| નં. | સાહેદનુંનામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૮ | રાકેશભાઇ બાબુલાલ પટેલ | સાહેદ | ૩૨ |
| ૦૯ | ડાૅ.રીયા પરેશભાઇ બોડાત | ડાૅ.સાહેદ | ૩૪ |
| ૧૦ | ડાૅ.આતીશ કૌશીકભાઇ પંડયા | ડાૅ.સાહેદ | ૩૯ |
| ૧૧ | રાજેન્દ્રસિંહ રાણાભાઇ પરમાર | તપાસ અધિકારી | ૪૫ |
| ૧૨ | જીગ્નેશ જબરભાઇ ગઢવી | તપાસ અધિકારી | ૬૧ |

**(બી) બચાવ પક્ષ તરફે ( જો હોય તો ) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફે ( જો હોય તો ) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**<u>ફરિયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :</u>**

**(બી) દસ્તાવેજી પુરાવા :**

| **નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | આરોપીની શરીર સ્થિતી તથા કપડાનું  પંચનામું | ૧૦ |
| ૨ | ભોગબનનારની શરીર સ્થિતી તથા કપડાનું પંચનામું | ૧૩ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૪ | ફરિયાદ | ૨૦ |

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૫ | ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની નકલ | ૨૧ |
| ૬ | ભોગબનનારના આધારકાર્ડની નકલ | ૨૨ |
| ૭ | ભોગબનનારનું જજસાહેબ સમક્ષ નોંધવામાં આવેલ રૂબરૂ નિવેદન | ૨૪ |
| ૮ | ભોગબનનારની બાહેંધરી | ૨૫ |
| ૯ | ભોગબનનારને શારીરિક તપાસ માટેની પોલીસ યાદી | ૨૮ |
| ૧૦ | ભોગબનનારના સેમ્પલ એફ.એસ.એલ. અમદાવાદ મોકલવા સારૂ ફોરવડીંગ લેટર | ૨૯ |
| ૧૧ | ભોગબનનારનું પી.એસ.સી.ધાનજનું મેડિકલ સર્ટી | ૩૦ |
| ૧૨ | ભોગબનનારના સી.એચ.સી. કલોલનું એમ.એલ.સી. નં.૨૩૫/૦૩/૨૬ નું મેડિકલ સર્ટી અને અસલ કેસ પેપર્સ | ૩૧ |
| ૧૩ | ભોગબનનારના જન્મની પ્રમાણપત્રની ખરાઇ માટે કચેરીનું અસલ રજીસ્ટર | ૩૩ |
| ૧૪ | આરોપીને શારીરિક તપાસ માટેની પોલીસ યાદી | ૩૫ |
| ૧૫ | આરોપીના ઓ.પી.ડી. કેસ નં.૨૪૦/૩/૨૦૨૬ વાળા અસલ કેસ પેપર્સ | ૩૬ |
| ૧૬ | આરોપીના સેમ્પલ એફ.એસ.એલ. અમદાવાદ મોકલવા સારૂ ફોરવડીંગ લેટર | ૩૭ |
| ૧૭ | આરોપીનું સી.એચ.સી. કલોલનું એમ.એલ.સી. નં.૨૪૦/૩/૨૬નું મેડિકલ સર્ટી તથા અન્ય કાગળો | ૩૮ |
| ૧૮ | ભોગબનનારની શારીરિક તપાસ માટે પોલીસ યાદી | ૪૦ |
| ૧૯ | એક્સપર્ટ ગાયનેક ઓપીનીયન માટે કલોલ સી.એચ.સી.ની રીફરચીટ | ૪૧ |
| ૨૦ | ભોગબનનારના ઓ.પી.ડી. કેસ નં.૨૩૧૪/૨૬ વાળા અસલ કેસ પેપર્સ | ૪૨ |

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૨૧ | ભોગબનનારના સોનોગ્રાફી ટેસ્ટ અને અન્ય પરીક્ષણ અહેવાલ | ૪૩ |
| ૨૨ | ભોગબનનારના સી.હો.ગાંધીનગરનના એમ.એલ.સી. નં.૨૩૧૪/૨૬નું મેડિકલ સર્ટી અને સારવાર કાગળ | ૪૪ |
| ૨૩ | સૂચિપત્ર | ૪૬ |
| ૨૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૭ |
| ૨૫ | સી.ડી.આર.ફોર્મ | ૪૮ |
| ૨૬ | જન્મનું પ્રમાણપત્ર વેરીફાઇ કરવા પોલીસે કરેલ યાદી | ૪૯ |
| ૨૭ | જન્મનું પ્રમાણપત્ર વેરીફાઇ કરી માણસા નગરપાલિકાએ આપેલ દાખલો | ૫૦ |
| ૨૮ | એફ.એસ.એલ.ને મોકલી આપવા પોલીસે કરેલ યાદી | ૫૧ |
| ૨૯ | સરકારી પંચ ફાળવવા મામલતદારશ્રીની કચેરી કલોલને પોલીસે કરેલ યાદી | ૫૨ |
| ૩૦ | સરકારી પંચ ફાળવવા સીટી સર્વેની કચેરીએ કલોલને પોલીસે કરેલ યાદી | ૫૩ |
| ૩૧ | ભોગબનનારનું સારવાર સર્ટી આપવા સી.એચ.સી. કલોલને પોલીસે કરેલ યાદી | ૫૪ |
| ૩૨ | આરોપીનું સારવાર સર્ટી આપવા સી.એચ.સી. કલોલને પોલીસે કરેલ યાદી | ૫૫ |
| ૩૩ | ભોગબનનારનું સારવાર સર્ટી આપવા સિ.હો. ગાંધીનગરને પોલીસે કરેલ યાદી | ૫૬ |
| ૩૪ | ભોગબનનારનું સારવાર સર્ટી આપવા પી.એચ.સી.ધાનજને પોલીસે કરેલ યાદી | ૫૭ |
| ૩૫ | રવાનગી પત્રક અને સત્તાના પ્રમાણપત્ર | ૫૮ |
| ૩૬ | એફ.એસ.એલ.અમદાવાદનાઓના ક્રમાંક એફ.એસ.એલ./ ઇઇ/૨૦૨૬/બી/૦૦૮૬૮ મુદામાલ જમા કરાવ્યાની પહોંચ | ૫૯ |

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૩૭ | એફ.એસ.એલ.અહેવાલ | ૬૦ |
| ૩૮ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવાડાવવા સારૂ ચીફ જયુડી.મેજી. કોર્ટ ગાંધીનગરને કરેલ યાદી | ૬૧ |
| ૩૯ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન બાબત. એડી.જયુડી.ફ.ક.કોર્ટ કલોલને પોલીસે કરેલ યાદી | ૬૨ |

| ક્રમ | પંચસ્લીપનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | આરોપીનો મેલા જેવો સફેદ કલરનો શર્ટ | ૧૧ |
| ૨ | આરોપીનું કાળા કલરનું જીન્સનું પેન્ટ | ૧૨ |
| ૩ | ભોગબનનારની ગુલાબી કલરની ટીશર્ટ | ૧૫ |
| ૪ | ભોગબનારના કાળા કલરનો લેંઘો | ૧૬ |

## બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

---

## –:: ચુકાદો::–

**ફરિયાદ પક્ષના કેસની ટૂંકી વિગત:**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પોતે પરણીત હોવા છતાં ગઇ તા.૧૮/૦૩/૨૦૨૬ના સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ મોજે ધમાસણા સીમનાં ખેતરમાંથી તા.કલોલ જી.ગાંધીનગર ખાતેથી આ કામની ભોગબનનાર/સાહેદ નં. ઉ.વ.૧૫ વર્ષ ૦૬ મહિના ૧૬ દિવસની સગીરવયની હોવાનું જાણવા છતા જારકર્મ કરવાના ઇરાદાથી ફરી.ના કાયદેસરનાં વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઇ જઇ નાશી જઇ બહુચરાજી જતા રોડ ઉપર કોઇની અવર જવર ન હોવ તેવી જગ્યાએ રોડની સાઇડ ખુલ્લા ખેતરમાં ભોગબનનાર સાથે શરીર સંબંધ રાખી તેમજ અગાઉ પણ ફરી.ની સગીરવયની દિકરી ભોગબનનાર સાહેદ સાથે અવાર નવાર ધમાસણા ગામની સીમમાં વન તળાવ કિનારે ટયુબવેલ વાળુ ફાર્મહાઉસની નજીક સીતાફળનાં ખેતરનાં ખુણામાં આવેલ ઓરડીમાં અવાર નવાર શરીરી સંભોગ કરી ગુન્હો કરેલ હોઈ, તે અંગેની ફરિયાદ ફરીયાદીએ કરેલ છે અને તપાસ કરનાર અમલદારશ્રીએ સદરહુ ગુના અંગેનું ચાર્જશીટ નામ. કોર્ટમાં રજુ રાખેલ છે.

(૨) આ કામના આરોપી વિરૂધ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતા તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એક્ટ કલમ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરતો પુરાવો મળી આવતો હોઈ, સદરહુ ગુના અંગે અત્રેની કોર્ટમાં બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩ મુજબ ખાસ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ. જે સ્પે. પોક્સો કેસ નં.૦૯/૨૦૨૬ થી નોંધાયેલ છે.

(૩) આ કામના આરોપી વિરૂદ્ધ સમન્સ કાઢતા, આરોપી હાજર થયેલ છે અને આરોપીને પોલીસ પેપર્સની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–

૨૩૦ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ **આંક–૦૪** થી આ અદાલતે ભારતીય ન્યાય સંહિતા કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એક્ટ કલમ–૪, ૬ મુજબના ગુનાઓ અંગેનું બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૧ મુજબ તહોમતનામુ ફરમાવી **આંક– ૦૫** થી આરોપીની પ્લી રેકર્ડ કરેલ. જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપીત ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ દ્ધારા આરોપી સામેના તહોમત પુરવાર કરવા માટે ઉપરોકત પર્ફોમા 'સી' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને લીધા.

(૫) ફરિયાદપક્ષ તરફે વધુ પુરાવો આપવા માંગતા ન હોવા અંગેની આંક–૬૪ કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલી છે. ફરિયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ, આરોપીનું બી.એન.એન.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે.

(૬) ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોષીએ પોતાની મૌખિક દલીલોમા જણાવેલ છે કે, ફરિયાદપક્ષ આરોપી સામે મુકવામાં આવેલ તહોમત રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજ પુરાવાને આધારે નિ:શંકપણે પુરવાર કરેલ છે.

(૬.૧) ફરિયાદપક્ષ તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી ભોગ બનનાર બનાવ સમયે ઉ.વ.૧૫ વર્ષ ૦૬ મહિના ૧૬ દિવસ સગીર વયના હોવાના આક્ષેપો છે. જે અન્વયે ફરિયાદપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતા ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનુ ફરિયાદપક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકેલ છે. વધુમા ફરિયાદી, માતા તથા ખુદ ભોગ બનનારનો પુરાવો જોતા **આંક–૨૦** ની ફરિયાદને સમર્થનકારક હોવાનુ જણાય છે. આમ, ફરિયાદપક્ષે આ કામના આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોઈ, આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામા તકસીરવાર ઠરાવી, દાખલારૂપ સજા ફરમાવવા અરજ કરેલ છે.

(૭) બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી એસ.એ.ઠાણએ પોતાની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા તે બાબતે કોઈ તકરાર નથી, પરંતુ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતા આ કામના આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધેલ હોવાની કોઇ જ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, જે તમામ હકીકતો ધ્યાનમાં રાખતા, આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામા દોષીત ઠરાવી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી ન હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો, રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાનમા લેતા, નીચે મુજબના મુદા નિર્ણીત કરવાના રહે છે.

**–::મુદ્દા::–**

:૧: શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે છે, આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના એટલે કે, ૧૮ વર્ષથી નીચેની ઉમરના હતા?

:૨: શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપી પોતે પરણીત હોવા છતાં ગઇ તા.૧૮/૦૩/૨૦૨૬ના સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ મોજે ધમાસણા સીમનાં ખેતરમાંથી તા.કલોલ જી.ગાંધીનગર ખાતેથી આ કામની ભોગબનનાર/સાહેદ નં. ઉ.વ.૧૫ વર્ષ ૦૬ મહિના ૧૬ દિવસની સગીરવયની હોવાનું જાણવા છતા જારકર્મ કરવાના ઈરાદાથી ફરી.ના કાયદેસરનાં વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઇ જઇ નાશી જઇ બહુચરાજી જતા રોડ ઉપર

કોઈની અવર જવર ન હોવ તેવી જગ્યાએ રોડની સાઈડ ખુલ્લા ખેતરમાં ભોગબનનાર સાથે શરીર સંબંધ રાખી તેમજ અગાઉ પણ ફરી.ની સગીરવયની દિકરી ભોગબનનાર સાહેદ સાથે અવાર નવાર ધમાસણા ગામની સીમમાં વન તળાવ કિનારે ટ્યુબવેલ વાળુ ફાર્મહાઉસની નજીક સીતાફળનાં ખેતરનાં ખુણામાં આવેલ ઓરડીમાં અવાર નવાર શરીરી સંભોગ કરી ગુન્હો કરી ભારતીય ન્યાય સંહિતા કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એક્ટ કલમ–૪, ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે?

:૩: શું હુકમ?

(૯) ઉપરોકત મુદાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**:૧: હકારમા,**

**:૨: હકારમા,**

**:૩: આખરી હુકમ મુજબ.**

## –:: કારણો ::–

**મુદા નંબર–૧: –**

**(૧૦)** ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા પુરાવાના મુલ્યાંકન અંગે પ્રસ્થાપિત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતોની નોંધ લેવી મહત્વપૂર્ણ બની રહેશે. કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે છે, ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાનો સાથે ટ્રાયલ ચલાવવાની હોય છે. પ્રથમ અનુમાનમાં આરોપીએ કરેલ ગુનામાંથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી ઈન્સાફી કાર્યવાહીની શરૂઆત કરવામાં આવતી હોય છે અને આરોપીની વિરૂધ્ધમાં કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પૂરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય

છે અને તે જવાબદારીમાંથી કોઈ પણ સમયે ઓછી–વત્તી થતી નથી અને તેની સાથો સાથ જે સાહેદો કોર્ટમાં આવીને સોગંદ ઉપર જુબાની આપતા હોય, તેઓ સાચું જ બોલતા હોય તેવ અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવામાં આવતુ હોય છે અને તે માટે ભારતીય પુરાવા અધિનિયમ માં કોઈ ચોકકસ માપદંડ કે જોગવાઈ કે નીતિ નિયમ ધડવામાં આવ્યા નથી એટલે કે ફોજદારી પ્રકરણમાં દરેકે દરેક હકીકતો તેની આજુબાજુના સંજોગો જુદા જુદા હોવાથી જે તે કેસ ની હકીકતોને લક્ષમાં લઈને અને તેમાં ફરિયાદપક્ષે પોતે રજુ કરેલા પુરાવાનું વિશ્લેષણ કરવાનું હોય છે. અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકાર ની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા  ન થાય પણ સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એ ગુનેગાર તેણે કરેલા ગુનાહીત કૃત્યમાંથી છટકી પણ ન જાય. સાહેદો કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને તેઓ કાયદા ની આંટી ઘૂંટીથી પરીચિત હોતા નથી અને તેવા સંજોગોમાં તેઓ ઘણીવાર પોતાની જુબાનીમાં વિરોધાભાસ, વિસંગતતા, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે ફરિયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો આવી વિસંગતતા, અસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ. પણ જો આવો અતિરેક કે વિસંગતતા કે વિરોધાભાસને કારણે ફરિયાદપક્ષના કેસના મૂળને અસર કરતા હોય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. કાયદાના અર્થમાં એ હકીકત છે કે, સ્વતંત્ર સાહેદ એક એવી વ્યકિત છે કે જે પોતે જે કંઈ જાણે છે તે જણાવી દે છે જયારે હિત ધરાવનાર સાહેદ જે જાણે છે તેના કરતા કયારેક વધુ પડતુ કહેતા હોય છે અને તેને માત્ર પરીણામમાં રસ હોય છે, કારણ કે તેનો કોઈ પક્ષ સાથે નિસ્બત હોય છે, તે કોઈને બચાવવા માંગે છે. હિત ધરાવનાર સાહેદ શું બન્યુ તેના કરતા જુબાનીમાં શું કહેવુ અને શું ન કહેવું તેની માનસીક તૈયારી કર્યા બાદ જુબાની આપતો હોય છે. આવી જુબાની સં પૂર્ણ ખોટી નથી હોતી અને સંપૂર્ણ સાચી પણ નથી હોતી. સ્વતંત્ર સાહેદ જે કંઈ જાણે છે તે કહે છે.જયારે હિત ધરાવનાર સાહેદ જાણી બુજીને છુપાવે છે

અથવા કાંઈ વધારે કહે છે. તેથી તે સ્વતંત્ર સાહેદથી અલગ પડે છે. આથી રેકર્ડ ઉપર જયારે હિત ધરાવનાર સાહેદો અને સ્વતંત્ર સાહેદો હોય ત્યારે સાહેદોના પુરાવાની છણાવટ અને મૂલ્યાંકન અત્યંત સભાનતાથી અને સાવચેતી પૂર્વક કરવાનું હોય છે અને તે પણ હકીકત છે કે, કોઈ પણ પ્રકારનો પુરાવો હોય પણ તેમાં જયારે શંકાનું તત્વ પ્રવેશે ત્યારે તેવો પુરાવો ફરિયાદપક્ષની નિષ્ફળતા માં પરીણમે છે.

**(૧૧)** નામ.સુપ્રિમ કોર્ટે **જગદારસિંહ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઈ. આર. ૧૯૯૫ સુપ્રિમ કોર્ટ પાના નંબર–૧૩૫** માં ઠરાવેલ છે કે, શંકા આખરે શંકા છે અને તે ગમે તેટલી દ્દઢ અને મજબૂત હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહીં. આથી, જયારે ફરિયાદપક્ષનો પુરાવો આધારભૂત, વિશ્વાસનીય અને માનવા લાયક હોય અને કોઈ પણ તબકકે તે પડકારી શકાય તેવો ન હોય અને તમામ શંકાથી પર હોય ત્યારે આરોપી સામેનો ગુનો પુરવાર થયેલ ગણાય છે.

**(૧૨)** ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ જે પોકસો એકટ અન્વયેના ગુના અંગે જે તહોમત મુકવામાં આવેલ છે તે માટે જોવામાં આવે તો, ફરિયાદપક્ષે પોકસો એકટની કલમ– ૨(ડી) મુજબ બનાવ સમયે ભોગ બનનાર શું સગીર હતી તેવી હકીકત પુરવાર કરવી જરૂરી બને રહે. ભોગ બનનારની ઉમર પુરવાર કરવા માટે પોકસો એકટની કલમ–૨ (ડી), ૩૪(૨) તથા જે.જે.એકટની કલમ–૯૪(૧ ) ધ્યાને રાખવાની રહે. ઉપરોકત જોગવાઈ ધ્યાને લઈ **નામદાર સર્વોચ્ચ અદાલતે એ.આઈ.આર.૨૦૧૩ એસ.સી. ૩૪૬૭ જર્નેલસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા**ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, જે.જે. એકટના અંતર્ગત ઘડાયેલ રુલ–૧૨ મુજબ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની ઉમર નિર્ણીત કરવા માટે જે જોગવાઈ દર્શાવેલ છે તેજ જોગવાઈ કોઈપણ ગુનામાં ભોગબનનાર બાળકના અનુસં ધાનમાં લાગુ પડે. **નામ. સર્વોચ્ચ અદાલતે (૨૦૧૫) ૭ એસ.સી.સી ૭૭૩ મધ્યપ્રદેશ સ્ટેટ વિરૂધ્ધ અનુપસીંગ** ના કેસમાં એવુ ઠરાવેલ છે કે, જયારે કોઈપણ ભોગ

બનનાર બાળકની ઉંમર અંગે શાળા દ્વારા ઈસ્યુ કરેલ સર્ટીફીકેટ તેમજ જન્મના પ્રમાણ પત્રમાં ફેરફાર હોય તો તેવા સંજોગોમાં જન્મના પ્ર માણપત્રની નોંધણી માનવાની રહે. **(૨૦૧૪) ૪ એસસીસી (ક્રિમીનલ) ૩૦૬ મહાદેવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રમાં** નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, કોઈપણ ઈસમની ઉમર અંગે તેની જન્મ નોંધણીનો પુરાવો જ આધારભુત ગણી શકાય તેમજ તેવો પુરાવો ન હોય તેવા કિસ્સામાં તેનું એસ.એસ.સી.બોર્ડનું અથવા તો તેની સમકક્ષનો દાખલો અથવા તો તે ઈસમ દવારા પ્રથમ જે શાળામાં અભ્યાસ માટે દાખલ થયેલ હોય તે શાળા દ્વારા જારી કરાયેલ દાખલો ધ્યાને લઈ શકાય અને તે માટે તે દાખલો જારી કરનાર અધિકારીને કોર્ટ રૂબરૂ તપાસવા જરૂરી બની રહે તેમજ આવા કોઈપણ પુરાવાની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા રેડીયોલોજીસ્ટના અભિપ્રાય ઉપર આધાર રાખી શકાય અને તે માટે જે રેડીયોલોજીસ્ટ દ્વારા તે ઈસમના હાડકા તથા દાંતનું ઓસીફીકેશન ટેસ્ટ કરી જે દાખલો આપેલ હોય તે મેડીકલ અભિપ્રાય ધ્યાને લઈ શકાય.

**(૧૩)** આમ, ઉપરોકત નામ. સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકા ધ્યાને લેવા માં આવે તો, ભોગ બનનારની ઉમર પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે તેની જન્મની નોંધણીના પુરાવા ઉપર આધાર રાખવાનો રહે. પરંતુ જો તેવો પુરાવો ન મળી આવે તો તેની ધોરણ–૧૦ ની પરીક્ષામાં દર્શાવેલ ઉમર અથવા તો તેને પ્રથમ જયાં શિક્ષણ મેળવવા માટે જે શાળામાં અભ્યાસ કરેલ હોય તે શાળાનો દાખલો અને તે દાખલો જે આધારે અપાયેલ હોય તે રજીસ્ટર તથા સાધનિક પુરાવા ઉપર આધાર રાખવાનો રહે. જો એવો પુરાવો પણ ન મળી આવે તો છેલ્લો રેડીયોલોજીસ્ટ દ્વારા અપાતા ઉમર અંગેના અભિપ્રાય પર આધાર રાખી શકાય.

**(૧૪)** હવે, આ કામે ભોગબનનાર બનાવ સમયે બાળક હતા કે કેમ તે બાબતે આ કામે ફરિયાદપક્ષનો રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, આ કામે ફરિયાદ પક્ષે ભોગ બનનારના આધારકાર્ડની

નકલ આંક–૨૨ અને જન્મનું પ્રમાણપત્ર આંક–૨૧ થી રજુ છે. જેમાં ભોગબનનારની જન્મ તા.૦૨/૦૯/૨૦૧૦ ની દર્શાવેલ છે. આ કામનો બનાવ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ બનેલ છે અને તેથી આ કામના ભોગબનનાર બનાવ સમયે માત્ર ૧૫ વર્ષ અને ૦૬ મહિના ૧૬ દિવસની હોવાનું જણાઈ આવે છે. બચાવપક્ષે કરેલ સાહેદોની કરેલ ઉલટ તપાસમા તેને ખંડીત કરતી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના ભોગબનનાર બનાવ સમયે સગીરવયના હતા તે હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોઈ, મુદા નંબર–૧ નો જવાબ હકારમા આપવામા આવે છે.

**<u>મુદા નંબર–૨ :</u>**

**(૧૫)** આંક–૦૯ થી પંચ નિરવ વિષ્ણુભાઇ દવેનાઓને તપાસેલા છે તેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. બનાવ સમયે તેઓ મામલતદાર કચેરી, કલોલ ખાતે કલાર્કદ તરીકે ફરજ બજાવતો હતો તે સમયે કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે કચેરી સરકારી પંચ ફાળવવા માટે લેખીત યાદી આવતા તે યાદી સંદર્ભે મામલતદારશ્રી,કલોલ ધ્વારા તેઓના સહકર્મચારી જાગૃતીબેન વ્યાસનો હુકમ થયેલો તેનાં આધારે તા.૨૩/૦૩/૨૦૨૬ નાં રોજ તેઓ કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે હાજર થયેલા જયાં પોલીસ સ્ટાફનાં માણસો તથા આરોપી હાજર હતો જે આરોપીનું તેઓની રૂબરૂ નામઠામ પુછતા પોતાનું નામ જનકજી ઠાકોર જણાવેલ. આરોપીનાં કપડાં તેઓની હાજરીમાં કબ્જે લેવામાં આવેલ જેમાં એક મેલા જેવું સફેદ કલરનો શર્ટ જેની ઉપર અંગ્રેજીમાં કુલ મંકી લખેલ હતું અને તેની ઉપર એક સ્ટીકર હતું તથા એક કાળા કલરનું જીન્સનું પેન્ટ હતું. જે બંને કપડાં પોલીસે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે લીધેલા જે પંચનામું આંક–૧૦ થી રજુ છે જેમાં પંચ– ૧ તરીકે તેઓની તથા પંચ–૨ તરીકે જાગૃતીબેન વ્યાસની સહી ઓળખી બતાવે છે. તેઓને મુદામાલ કપડાં બતાવવામાં આવે તો ઓળખી શકે. તેમાંથી એક મેલા જેવો

સફેદ કલરનો શર્ટ બતાવવામાં આવે છે જે પોલીસે તેઓની હાજરીમાં આરોપી પાસેથી કબ્જે લીધેલ તેની પંચસ્લીપમાં પંચ– ૧ તરીકે તેઓની તથા પંચ– ૨ તરીકે જાગૃતીબેન વ્યાસની સહી ઓળખી બતાવે છે જે પંચસ્લીપ આંક– ૧૧ થી રજુ છે અને તેમાંથી એક કાળા કલરનું જીન્સનું પેન્ટ બતાવવામાં આવે છે જે પોલીસે તેઓની હાજરીમાં આરોપી પાસેથી કબ્જે લીધેલ પંચસ્લીપમાં પંચ–૧ તરીકે તેઓની તથા પંચ–૨ તરીકે જાગૃતીબેન વ્યાસની સહી ઓળખી બતાવે છે જે પંચસ્લીપ આંક–૧૨ થી રજુ છે આરોપીનો ફોટો જોઇ નામદાર કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. તે જ દિવસે એક બીજું પંચનામુ જેમાં ભોગબનનાર કપડાં કબ્જે લેવામાં આવેલ તે પણ પંચોની હાજરીમાં કરવામાં આવેલ જેમાં પંચોની સહી કરાવેલી જેમાં પંચ– ૧ તરીકે તેઓની તથા પંચ–૨ તરીકે જાગૃતીબેન વ્યાસની સહી ઓળખી બતાવે છે જે પંચનામું આંક–૧૩ થી રજુ છે.

**(૧૫.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પંચ તરીકે રહેવા માટે તેઓને કોઇ લેખીત હુકમ મળેલ નથી અને પોલીસને જયારે જરૂર પડે ત્યારે સરકારી પંચ તરીકે તેઓની કચેરીએથી તેઓને બોલાવવામાં આવે છે, તેથી પંચનામાની કાર્યવાહીથી તેઓ સારી રીતે વાકેફ છે, પંચ તરીકે હોઇએ ત્યારે કયા પ્રશ્નો પુછવામાં આવે તેની તેઓને માહીતી છે, તેઓએ જાતે આરોપીની ઓળખ અંગેનાં દસ્તાવેજની ચકાસણી કરેલ ન હતી. એ હકીકત કબુલ રાખે છે કે બનાવની તમામ હકીકત પોલીસે જણાવેલી અને આ કપડાં આરોપીનાં છે તેવું પોલીસે અમને જણાવેલ.

**(૧૫.૨)** આમ આ પંચના પુરાવાથી આંક–૧૦ થી ૧૩ ના દસ્તાવેજોમાં લખેણ લખાણને તેઓના મૌખિક પુરાવથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે અને આરોપીના કપડા તેઓની હાજરીમાં કબજે કરવામાં આવેલા તે હકીકત પુરવાર થાય છે.

**(૧૬)** આંક-૧૪ થી પંચ જાગૃતિબેન નવિનચંદ્ર વ્યાસને તપાસેલા છે તેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ કરેવન્યુ તલાટી તરીકે ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. બનાવ સમયે તેઓ મામલતદાર કચેરી, કલોલ ખાતે રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતો હતી તે સમયે કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે કચેરી સરકારી પંચ ફાળવવા માટે લેખીત યાદી આવતા તે યાદી સંદર્ભે મામલતદારશ્રી, કલોલ ધ્વારા તેઓના સહકર્મચારી નિરવભાઇ દવેનો હુકમ થયેલો તેનાં આધારે તા.૨૩/૦૩/૨૦૨૬ નાં રોજ કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે હાજર થયેલા જયાં પોલીસ સ્ટાફનાં માણસો તથા ભોગબનનાર હાજર હતા જે ભોગબનનારનું ઉંમર પુછતાં પોતાની ઉંમર ૧૫ વર્ષ ૬ માસ અને ૧૬ દિવસ હોવાનું જણાવેલ. ભોગબનનારના કપડાં તેઓની હાજરીમાં કબ્જે લેવામાં આવેલ જેમાં એક ગુલાબી કલરની ટીશર્ટ અને એક કાળા કલરલો લેંઘો હતો. જે બંને કપડાં પોલીસે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે લીધેલા જે આંક -૧૩ વાળું પંચનામુ બતાવવામાં આવે જે જેમાં પંચ- ૨ તરીકે તેઓની તથા પંચ-૧ તરીકે નિરવભાઇ દવેની સહી ઓળખી બતાવે છે. તેઓને મુદામાલ કપડાં બતાવવામાં આવે તો ઓળખી શકે. તેમાંથી એક ગુલાબી કલરની ટીશર્ટ બતાવવામાં આવે છે જે પોલીસે તેઓની હાજરીમાં કબ્જે લીધેલ જે પંચસ્લીપમાં પંચ- ૨ તરીકે તેઓની તથા પંચ-૧ તરીકે નિરવભાઇ દવેની સહી ઓળખી બતાવે છે જે પંચસ્લીપ આંક-૧૫ થી રજુ છે અને તેમાંથી એક કાળા કલરનો લેંઘો બતાવવામાં આવે છે જે પોલીસે તેઓની હાજરીમાં કબ્જે લીધેલ જે પંચસ્લીપમાં પંચ- ૨ તરીકે તેઓની તથા પંચ-૧ તરીકે નિરવભાઇ દવેની સહી ઓળખી બતાવે છે જે પંચસ્લીપ આંક-૧૬ થી રજુ છે. તે જ દિવસે એક બીજું પંચનામુ જેમાં આરોપીનાં કપડાં કબ્જે લેવામાં આવેલ તે પણ પંચોની હાજરીમાં કરવામાં આવેલ જેમાં પંચોની સહી કરાવેલી આ કામે આંક-૧૦ થી રજુ છે જેમાં પંચ- ૨ તરીકે તેઓની તથા પંચ-૧ તરીકે નિરવભાઇ દવેની સહી ઓળખી બતાવે છે.

**(૧૬.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પંચ તરીકે રહેવા માટે તેઓને કોઇ લેખીત હુકમ મળેલ નથી, બનાવની તમામ હકીકત પોલીસે જણાવેલી, પોલીસને જયારે જરૂર પડે ત્યારે

સરકારી પંચ તરીકે કચેરીએથી અમોને બોલાવવામાં આવે છે, જેથી પંચનામાની કાર્યવાહીથી તેઓ સારી રીતે વાકેફ છે. એ હકીકત કબુલ રાખે છે કે પંચ તરીકે હોઇએ ત્યારે કયા પ્રશ્નો પુછવામાં આવે તેની તેઓને માહીતી છે અને તેઓએ જાતે ભોગબનનારનાં ઓળખ અંગેનાં દસ્તાવેજની ચકાસણી કરેલ ન હતી.

**(૧૬.૨)** આમ આ પંચના પુરાવાથી આંક–૧૩ અને ૧૫ અને ૧૬ ના દસ્તાવેજોમાં લખેણ લખાણને તેઓના મૌખિક પુરાવથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે અને ભોગબનનારના કપડા તેઓની હાજરીમાં કબજે કરવામાં આવેલા તે હકીકત પુરવાર થાય છે.

**(૧૭)** આંક–૧૭ થી પંચ સુનીલભાઇ શીવાભાઇ ચૌધરીને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ સીનીયર સર્વેયર તરીકે માણસા ખાતે ફરજ બજાવે છે.બનાવ સમયે તેઓ સીટીસર્વે કચેરી, કલોલ ખાતે સીનીયર સર્વેયર તરીકે ફરજ બજાવતા હતા તે સમયે કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે તેઓની કચેરી સરકારી પંચ ફાળવવા માટે લેખીત યાદી આવતા તે યાદી સંદર્ભે મામલતદારશ્રી, કલોલ ધ્વારા તેઓના સહકર્મચારી ફેન્સીબેન રાજેન્દ્રકુમાર પટેલનો હુકમ થયેલો તેનાં આધારે તા.૦૪/૦૪/૨૦૨૬ નાં રોજ કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે હાજર થયેલા જયાં પોલીસ સ્ટાફનાં માણસો તથા પંચો હાજર હતા અને ભોગબનનારનાં માતા પો.સ્ટે.માં હાજર હોય અને તેઓ બનાવવાળી જગ્યા બતાવતા માંગતા હોય પંચોની હાજરીમાં પોલીસે પ્રથમભાગનું પંચનામુ પો.સ્ટે.માં પુર્ણ કરેલ. ત્યારબાદ પો.સ્ટે.થી નીકળી ભોગબનનારનાં માતાએ બતાવેલ રસ્તે નીકળી ધમાસણા ગામની સીમમાં સીતાફળની વાડીવાળું ખેતર જેનાં ખુણા પર એક ઓરડી ભોગબનનારનાં માતાએ બતાવેલ અને આ સમયે ભોગબનનાર ત્યાં હાજર હતા અને આ ઓરડીનું પંચનામુ તેઓની હાજરીમાં કરવામાં આવેલ. આ ઓરડીની દિવાલ પીળા કલરની હતી, ભોયતળીયે પ્લાસ્ટર કરેલ હતું અને છત ઉપર લોખંડની પાઇપ તથા સીમેન્ટનાં પતરા હતા અને ઓરડીનો દરવાજો લોખંડનો હતો

અને તે નકુચાથી બંધ કરેલ હતો તેમાં કોઇ તાળું મારેલ ન હતું. આ ઓરડીની ઉત્તર તથા પશ્ચીમબાજુ સીતાફળની વાડી તથા દક્ષીણ દિશાએ વાઢેલા ઘઉં હતા અને પુર્વ તરફ ઘઉંનું ખેતર હતું. તે રીતનું જગ્યાનું પંચનામુ તેઓની પંચોની હાજરીમાં કરવામાં આવેલ જે આંક–૧૮ થી રજુ છે જેમા પંચ– ૧ તરીકે તેઓની તથા પંચ–૨ તરીકે ફેન્સીબેનની સહી ઓળખી બતાવે છે.

**(૧૭.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પંચનામામાં રહેવા માટે તેઓની કચેરી ધ્વારા તેઓને કોઇ લેખીત હુકમ આપવામાં આવેલ નથી, બનાવની હકીકત તેઓને પોલીસે જણાવેલી, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવાનું છે તેવું પોલીસે તેઓને જણાવેલ, આ પંચનામુ કરવાનું હતું તેવું પોલીસે તેઓને જણાવેલ અને પોલીસ તેઓને ધમાસણા ગામે લઇ ગયેલ. હવે કહે છે કે જગ્યા ભોગબનનારનાં માતાએ બતાવેલી અને પંચનામુ કરવા સારૂ તેઓની સાથે આશરે ત્રણેક પોલીસ કર્મચારીઓ સાથે આવેલા, પોલીસ કર્મચારી સાથે ટાઇપ કરતા હતા તે રાઇટર પણ હાજર હતા અને ત્યાં અન્ય એક સાહેબ પણ હાજર હતા.

**(૧૭.૨)** આમ આ પંચના પુરાવાથી આંક–૧૮ ના પંચનામામાં લખેણ લખાણને તેઓના મૌખિક પુરાવથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૮)** આંક–૧૯ થી ફરીયાદી ભોગબનનારના માતાને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તેઓ કલોલ તાલુકનાં એક ગામ ખાતે પરીવાર સાથે રહે છે. બનાવ બન્યો તે સમયે તેઓ તેરસાપરા નજીક પેટ્રોલપંપની પાછળ પડીકા બનાવવાની ફેકટરીમાં નોકરી કરતી હતી, તેઓના પતિ મંડપ ડેકોરેશનમાં છુટક મજુરી કરે છે. તેઓને સંતાનમાં બે બાળકો છે જેમાં ભોગબનનાર તેઓની મોટી દિકરી છે અને તેની જન્મ તા.૦૨/૦૯/૨૦૧૦ ની છે અને બનાવ સમયે તેણીની ઉંમર ૧૫ વર્ષ ૬ મહીનાં આસપારની હતી. બનાવ સમયે ભોગબનનાર દસમાં ધોરણમાં

ભણતી હતી. તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ તેઓ સવારે નવ વાગે તેરસાપરા ખાતે તેઓની નોકરી પર ગયેલ તે વખતે તેઓના પતિ અને બંને બાળકો ઘરે હાજર હતા અને તેઓની ભોગબનનાર દિકરી આદરજ ખાતે બોર્ડની પરીક્ષા આપવા ગયેલ અને બપોરે બે વાગે પરત આવેલી અને તેઓના પતિને મંડપનાં કામથી બહાર જવાનું હોય તે વખતે ભોગબનનારને તેઓના સાસુ–સસરાને ત્યાં ખેતરે મુકી આવેલ ત્યારબાદ રાત્રીનાં આઠ વાગે તેઓના સસરાનો તેઓના પતિ પર ફોન આવેલો અને એવું જણાવેલ કે તેઓ સાંજે સાડા પાંચ વાગે ગામની ડેરી પર નોકરી પર ગયેલો અને તેઓએ ઘરે પરત આવ્યો ત્યારે ભોગબનનાર ઘરે હાજર ન હતી જેથી તેઓને લાગેલ કે તેણી બાજુનાં ઘરે ગઇ હશે જેથી તેઓએ ભોગબનનારને બુમ પાડેલ પણ તેણીની આવેલ નહી જેથી તેઓ બાજુમાં જોવા ગયેલો પણ ત્યાં પણ ભોગબનનાર મળી આવેલ નહી જેથી તેઓએ આસપાસ તપાસ કરી પરંતુ ભોગબનનાર મળી આવેલ નથી. આ વાતની જાણ તેને થતાં તેઓના સગાઓને ત્યાં પુછપરછ કરેલ પરંતુ ભોગબનનાર મળી આવેલ નથી.

**(૧૮.૧)** તેઓ વધુમાં જણાવે છે કે, આ બનાવ તે અગાઉ બે વખત જનકજી જસવંતજી પોતે પરણીત હોવા છતાં ભોગબનનાર દિકરીને ભગાડીને લઇ ગયેલો પરંતુ તે વખતે સમાજમાં આબરૂની બીકે તેઓએ તે સમયે કોઇ કાર્યવાહી કરેલ ન હતી. આ ફરી વખત ભોગબનનાર મળી ન આવતા તેઓને આરોપી જનકજી ઉપર શક જતાં તેઓએ આરોપીનાં ઘરે તપાસ કરેલી પરંતુ આરોપી તેનાં ઘરે મળી આવેલ નહી પરંતુ આરોપીની પત્ની હાજર મળી આવેલ જેથી તેણીને આરોપી બાબતે પુછપરછ કરેલ પરંતુ આરોપી મળી ન આવતા શક પાકો થઇ ગયેલ કે આ જનકજી જ સગીરવયની ભોગબનનાર દિકરીને ભગાડી લઇ ગયેલ છે. સમાજમાં આબરૂ ન જાય તેના કારણે તેઓએ બનાવની ફરીયાદ તુરંત જ આપેલ નહી. ત્યારબાદ ભોગબનનારની શોધખોળ કરતા હતા તે દરમીયાન તેઓને એવું જાણવા મળેલ કે આરોપી જનકજી ભોગબનનાર દિકરીને છત્રાલ ખાતે મુકીને જતો રહેલ છે જેથી તેઓ છત્રાલ ગયેલા જયાં તેઓની ભોગબનનાર દિકરી મળી આવેલ અને તેણીને

પુછતા તેણીએ જણાવેલ કે,'' જનકજી સાથે તેઓને દોઢેક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ પર સંપર્ક થયેલો અને આ જનકજી આપણા ખેતરમાં ઓરડીએ તેઓને મળવા આવતો હતો અને તેણે અવારનવાર તેની મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલો અને તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ જનકજી તેઓને બહુચરાજી ખાતે લઇ ગયેલો અને ત્યાં ખુલ્લા ખેતરમાં રોકાયેલા અને તે અહીં છત્રાલ ખાતે મુકીને જતો રહેલ છે''. બનાવ બાબતે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી. જે આંક–૨૦ થી રજુ છે જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. ભોગબનનાર દિકરીનું જન્મનું પ્રમાણપત્રની નકલ આંક–૨૧ અને આધારકાર્ડની નકલ આંક–૨૨ થી રજુ છે. ત્યારબાદ તા.૨૩/૦૩/૨૦૨૬ નાં રોજ પોલીસે તેઓનો જવાબ લીધેલો અને તેઓ સાથે ભોગબનનાર દિકરીની શારીરીક તપાસ કલોલ સી.એચ.સી. અને ગાંધીનગર સીવીલ ખાતે કરાવવામાં આવેલી અને તે જ દિવસે પોલીસે પંચનામુ કરી ભોગબનનાર દિકરીએ બનાવ સમયે પહેરેલ કપડાં કબ્જે લીધેલા. ત્યારબાદ તા.૦૪/૦૪/૨૦૨૬ નાં રોજ પુછપરછ કરી જવાબ લીધેલો તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ. ત્યારબાદ તા.૧૮/૦૪/૨૦૨૬ નાં રોજ બહુચરાજી ખાતે આવેલ જગ્યાનું પંચનામુ કરેલ અને તે વખતે પણ પોલીસે જવાબ લીધેલો અને ભોગબનનાર દિકરીએ એવું જણાવેલ કે આ જગ્યાએ ખુલ્લા ખેતરમાં જનકનીએ તેઓની સાથે શારીરીક સંબંધ બાંધેલો. તેઓની ભોગબનનાર દિકરીના કપડા કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૧૮.૨)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામની ફરીયાદ આપી તેનાં પહેલા પણ બે વખત તેઓની ભોગબનનાર દિકરી ઘરેથી જતી રહેલી, આ કામનાં આરોપીનાં લગ્ન થયેલ છે અને તેને એક દિકરી પણ છે, પ્રથમ વખત પરત આવેલ ત્યારે તેઓએ તેઓની દિકરી ને સમજાવેલી અને ત્યારબાદ તેનાં લગ્નનાં સંબંધ કરવા અંગે વિચારેલ, તેઓની દિકરીનો કોઇ અન્ય જગ્યાએ સંબંધ કરાવેલ નથી, તેઓની દિકરી પ્રથમ અને બીજી વખત જતી રહેલ અને તે માનતી ન હતી જેથી તેઓને મનદુખ થયેલું, તેઓની દિકરી જતી રહેલ હતી અને આરોપીનાં

માતાપિતાએ તેઓને પરત સોંપેલ નહી પણ દિકરીએ આરોપી અને તેનાં માતાપિતાને બાંહેધરી લખીને આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપી જનકજીએ પણ તેઓને બાંહેધરી લખીને આપેલી, બાંહેધરીમાં સાક્ષી તરીકે તેઓના પતિએ પણ સહી કરેલી. એ હકીકત કબુલ રાખે  કે, આ બનાવ અગાઉ તેઓની દિકરી બે વખત જતી રહેલ તેની કોઇ ફરીયાદ આપેલ નહી, આ તેઓની દિકરી મળી આવ્યા બાદ તેઓએ ફરીયાદ આપેલી, તેઓની ભોગબનનાર દિકરી મળ્યા બાદ તેઓએ તેની પુછપરછ કરેલ અને ત્યારબાદ પો.સ્ટે.માં આ ફરીયાદ લખાવેલી, તેઓનું પીયર પલીયડ મુકામે છે, ભોગબનનાર પ્રથમ બાળક છે અને પ્રથમ ડીલેવરી પીયરમાં થાય અને ભોગબનનારની ડીલેવરી પલીયડ મુકામે થયેલી, ફરીયાદ વાંચ્યા બાદ તેઓએ તેમાં સહી કરેલી, તેઓની ફરીયાદમાં બહુચરાજી મુકામે શું બનેલ તે લખાવેલ નથી, તેઓની દિકરી એક વખત જતી રહેલ અને બીજી વખત જતી રહેલ જેથી તેઓને આરોપી ઉપર મનદુખ હતું.

**(૧૮.૩)** આમ આ ફરીયાદીના પુરાવા પ્રમાણે આંક–૨૦ થી ૨૨ ના દસ્તાવેજોમાં લખેણ લખાણને તેઓના મૌખિક પુરાવથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે અને આ ફરીયાદીના પુરાવા પ્રમાણે તેઓની ભોગબનનાર દિકરીની જન્મ તા.૦૨/૦૯/૨૦૧૦ ના રોજની છે તે હકીકતને સામાવાળા તરફે પડકારેલ નથી તે હકીકત રેકર્ડ ઉપર આવે છે.

**(૧૯)** આંક–૨૩ થી ભોગબનનારને તપાસેલા છે. જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તેઓ કલોલ તાલુકાનાં એક ગામ ખાતે માતાપિતા અને ભાઇ સાથે રહે છે અને તેઓના પિતા છુટક મજુરી કરે છે અને તેઓની માતા ફેકટરીમાં નોકરી કરે છે. બનાવ સમયે તેઓ ધો.૧૦ માં અભ્યાસ કરતી હતી અને તેઓની જન્મ તારીખ – ૦૨/૦૯/૨૦૧૦ ની છે. બનાવનાં દોઢેક વર્ષ પહેલા તેઓના પિતાના ફોન ઉપર તેઓ bhavesh_dhamsana_007 થી ઇન્સ્ટાગ્રામ આઇ–ડી બનાવેલ જેનાં ઉપર janaksinh_1919 થી તેઓને ફ્રેન્ડ રીકવેસ્ટ આવતા તે તેઓએ સ્વીકારેલ ત્યારબાદ તેઓ બંને જણાં ઇન્સ્ટાગ્રામમાં અને ફોનમાં વાતચીત

કરતા હતા તે દરમીયાન તેઓની વચ્ચે પ્રેમસંબંધ બંધાયેલો અને તે ગામની પાણીની ટાંકી પાસે મળવા આવતો હતો અને બાદમાં તેઓને એવું જાણવા મળેલ કે તે પરણીત છે અને તેને એક દિકરી પણ છે. હાલનો બનાવ બન્યો તેનાં એક વર્ષ પહેલા જનકજી તેઓને ભગાડી લઇ ગયેલો અને તેનાં ઘરનાં સભ્યોએ તેઓને પકડી લીધેલા અને તેઓના માતાપિતા તેઓને લઇ ગયેલા અને ઘરે આવ્યા બાદ પણ તેઓની વચ્ચે વાતચીત ચાલુ હતી અને ઘરે કોઇ ન હોય ત્યારે ખેતરની ઓરડીથી ચાર પાંચ ખેતર દુર એક ઓરડીમાં તે તેઓને મળવા આવતો અને આ દરમીયાન જનકજીએ અવારનવાર તેઓની સાથે શારીરીક સંબંધ બાંધેલો. તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ તેઓ આદરજ ગામે ધો.૧૦ નાં સામાજીક વિજ્ઞાનનું દસ વાગે પેપર આપવા ગયેલ અને બે વાગે પરત ઘરે આવેલ તે સમયે તેઓના પિતાને મંડપનાં કામે બહાર જવાનું હોવાથી તે તેઓને દાદા–દાદી પાસે તેઓનાં ખેતરે મુકી ગયેલા.

**(૧૯.૧)** તેઓ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ આશરે સાડા પાંચ વાગે તેઓએ દાદાનાં મોબાલઇમાંથી જનકજી ઉપર ફોન કરેલો અને તેઓને લેવા આવવા માટે કહેલ જેથી આશરે સાડા સાત વાગે તેઓના દાદી ઓરડીની અંદર બેઠેલા જેથી કહેલ કે તેઓ બાજુની ઓરડીમાં બેસવા જાય છે તેમ કહી તેઓ કલોલ–માણસા રોડ ગયેલ અને ત્યાંથી રીક્ષામાં બેસી કલોલ બ્રિજ ગયેલ અને ત્યાંથી રીક્ષામાં બેસી માનસરોવર સોસાયટી છત્રાલ ગયેલ જયાં આ જનકજી રહેતો હતો અને થોડીવાર જનકજી ત્યાં આવેલો અને તેઓ બંને છુટક સાધનમાં બેસી બહુચરાજી ગયેલા જયાં મંદિરની બહાર અને ખુલ્લા ખેતરમાં રોકાયેલા અને આ દરમીયાન જનકજીએ તેઓ સાથે શારીરીક સંબંધ બાંધેલો ત્યારબાદ બહુચરાજી કેનાલ ખાતે તેઓ અને જનકજી બેઠેલા તે વખતે જનકજીનાં માતાપિતા શોધખોળ કરતા આવેલા અને તેઓને છત્રાલ ખાતે તેઓનાં ઘરે લઇ આવેલા અને જનકજી તેઓને મુકીને પાછળનાં દરવાજેથી ભાગી ગયેલો જેથી તેઓને છત્રાલ પોલીસ ચોકી ખાતે લઇ આવેલા જયાં તેઓના માતાપિતા અને સંબંધીઓ આવી ગયેલા. ત્યારબાદ તેઓને કલોલ તાલુકા પો.સ્ટે.લઇ ગયેલ અને ત્યાંથી કલોલ સી.એચ.સી. અને સીવીલ હોસ્પીટલ ગાંધીનગર ખાતે શારીરીક તપાસ સારૂ લઇ ગયેલા અને તેઓ સાથે બનેલ બનાવની હકીકત તેઓએ ડોકટરશ્રીને લખાવેલી. તેઓએ પોલીસને કપડાં આપેલા. ત્યારબાદ તેઓએ નામદાર કોર્ટમાં તેઓનો જવાબ લખાવેલો જેમાં તેઓ સાથે બનેલ બનાવની હકીકત લખાવેલી. જે આંક–૨૪ થી રજુ છે જેમાં તેઓની સહી

ઓળખી બતાવે છે. નામદાર કોર્ટ સમક્ષ કપડા ઓળખી બતાવે છે. આરોપીનો ફોટો નામદાર કોર્ટનાં રેકર્ડમાંથી જોયીને કહે છે કે આ જ આરોપી જનકજી છે જે તેઓને લઈ ગયેલો.

**(૧૯.૨)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, ભાવેશ એક છોકરાનું નામ છે અને આ આઇ–ડી તેઓએ તેઓના ભાઈનાં નામથી બનાવેલી, આરોપીએ તેઓને ફ્રેન્ડ રીકવેસ્ટ તેઓને આ આઇ–ડીનાં નામ પર મોકલેલી, આ ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી તે પહેલા આ આરોપી તેઓને ઓળખતો ન હતો, આ ફોન તેઓના પિતાનો હતો અને પિતા ઘરે હોય ત્યારે તેઓનાં ફોનથી તેઓ આરોપી સાથે વાત કરતી હતી, આ સંબંધ દરમીયાન તેઓને જાણવા મળેલ કે આરોપી પરણીત છે અને તેને એક બાળકી પણ છે, આ જાણ થયા બાદ પણ તેઓ આરોપી સાથે બે વખત જતી રહેલી, આ બે વખત તેઓ ઘરેથી એકલા જ નીકળી ગયેલી, આ જે ઓરડી આવેલ હતી તેની આજુબાજુ ઘઉં વાવેલ હતા અને આસપાસ વાવણીનું કામ ચાલતું હોવાથી લોકોની અવરજવર રહેતી હતી.એ હકીકત કબુલ રાખે છે કે જનકજીનો મોબાઈલ નંબર તેઓને મોઢે યાદ હતો અને તેને કોઈનાં પણ ફોન પરથી સંપર્ક કરી શકતી હતી, ઘરેથી નીકળી ગયા બાદ જનકને ફોન કરીને તેઓ જ બોલાવતી હતી, તેઓ જનકને પ્રેમ કરતી હતી અને તેઓના માતાપિતાએ બીજા સંબંધો બતાવેલ પણ તે સંબંધો કરવાની તેઓએ ના પાડેલી, તેઓ ના પાડતી હતી જેથી તેઓના માતાપિતાને મનદુખ થતું અને તેઓ ઉપર ગુસ્સે થતા હતા અને જનક ઉપર પણ ગુસ્સે હતા, કહેવાતી ફરીયાદ થયા અગાઉ પણ તેઓ જાતે ઘરેથી નીકળી ગયેલી અને આરોપીને ફોન કરી બોલાવેલો, તેઓ બીજી વખત જતી રહેલ ત્યારબાદ મળી આવતા તેઓને આરોપીનાં માતાપિતાએ પોલીસમાં સોંપેલી અને તેઓએ બાંહેધરી લખી આપેલી જેમાં તેઓની સહી છે જે આંક–૨૫ થી રજુ છે.

**(૧૯.૩)** આમ આ ભોગબનનારના પોતાના પુરાવા પ્રમાણે આ કામના આરોપી પરીણીત છે અને એક દિકરીના પિતા છે અને તેઓની મરજી વિરૂદ્ધ તેઓ સાથે શારીરીક સબંધ બાંધેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે.

ભોગબનનારના નિવેદનમાં એ હકીકત પણ ખુલે છે કે આરોપીએ તેઓને કહેલ કે " મને તું જોઇએ છે તુ આવી જા તું નહીં આવે તો કેનાલમાં કૂદીને કરી જઇશ" તે હકીકત રેકર્ડ ઉપર આવે છે.

**(૨૦)** આંક–૨૬ થી ભોગબનનારના પિતાને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તેઓ કલોલ તાલુકનાં એક ગામ ખાતે પરીવાર સાથે રહે છે. તેઓ મંડપ ડેકોરેશનમાં છુટક મજુરી કરે છે અને તેઓની પત્ની તેરસાપરા નજીક પેટ્રોલપંપની પાછળ પડીકા બનાવવાની ફેકટરીમાં નોકરી કરતી હતી, સંતાનમાં બે બાળકો છે જેમાં ભોગબનનાર મોટી દિકરી છે અને તેની જન્મ તા.૦૨/૦૯/૨૦૧૦ ની છે અને બનાવ સમયે તેણીની ઉંમર ૧૫ વર્ષ ૬ મહીનાં આસપારની હતી. બનાવ સમયે ભોગબનનાર દસમાં ધોરણમાં ભણતી હતી. તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ સવારે નવ વાગે તેરસાપરા ખાતે તેઓની પત્ની નોકરી પર ગયેલ તે વખતે તેઓ અને બંને બાળકો ઘરે હાજર હતા અને ભોગબનનાર દિકરી આદરજ ખાતે બોર્ડની પરીક્ષા આપવા ગયેલ અને બપોરે બે વાગે પરત આવેલી અને તેઓને મંડપનાં કામથી બહાર જવાનું હોય તે વખતે ભોગબનનારને તેઓના માતાપિતાને ત્યાં ખેતરે મુકી આવેલ અને તે દિવસે સાંજે છ વાગ્યા આસપાસ તેઓ ઘરે આવેલો અને ત્યારબાદ રાત્રીનાં આઠ વાગે તેઓના પિતાનો ફોન આવેલો અને એવું જણાવેલ કે ભોગબનનાર ઘરે હાજર ન હતી જેથી તેઓને લાગેલ કે તેણી બાજુનાં ઘરે ગઇ હશે જેથી તેઓને ભોગબનનારને બુમ પાડેલ પણ તેણીની આવેલ નહી જેથી તેઓ બાજુમાં જોવા ગયેલો પણ ત્યાં પણ ભોગબનનાર મળી આવેલ નહી જેથી તેઓએ આસપાસ તપાસ કરી પરંતુ ભોગબનનાર મળી આવેલ નથી. આ વાતની જાણ થતાં સગાઓને ત્યાં પુછપરછ કરેલ પરંતુ ભોગબનનાર મળી આવેલ નથી.

**(૨૦.૧)** તેઓ વધુમાં જણાવે છે કે, આ બનાવ તે અગાઉ બે વખત જનકજી જસવંતજી પોતે પરણીત હોવા છતાં ભોગબનનાર દિકરીને ભગાડીને લઇ ગયેલો પરંતુ તે વખતે સમાજમાં આબરૂની બીકે તેઓએ તે સમયે કોઇ

કાર્યવાહી કરેલ ન હતી. આ ફરી વખત ભોગબનનાર મળી ન આવતા તેઓને આરોપી જનકજી ઉપર શક જતાં અમે આરોપીનાં ઘરે તપાસ કરેલી પરંતુ આરોપી તેનાં ઘરે મળી આવેલ નહી પરંતુ આરોપીની પત્ની હાજર મળી આવેલ જેથી તેણીને આરોપી બાબતે પુછપરછ કરેલ પરંતુ આરોપી મળી ન આવતા શક પાકો થઇ ગયેલ કે આ જનકજી જ સગીરવયની ભોગબનનાર દિકરીને ભગાડી લઇ ગયેલ છે. સમાજમાં આબરૂ ન જાય તેના કારણે અમે બનાવની ફરીયાદ તુરંત જ આપેલ નહી. ત્યારબાદ ભોગબનનારની શોધખોળ કરતા હતા તે દરમીયાન એવું જાણવા મળેલ કે આરોપી જનકજી ભોગબનનાર દિકરીને છત્રાલ ખાતે મુકીને જતો રહેલ છે જેથી છત્રાલ ગયેલા જયાં ભોગબનનાર દિકરી મળી આવેલ અને તેણીને પુછતા તેણીએ જણાવેલ કે, "જનકજી સાથે મારે દોઢેક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ પર સંપર્ક થયેલો અને આ જનકજી આપણા ખેતરમાં ઓરડીએ મને મળવા આવતો હતો અને મારી સાથે તેણે અવારનવાર મારી મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલો અને તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ જનકજી મને બહુચરાજી ખાતે લઇ ગયેલો અને ત્યાં ખુલ્લા ખેતરમાં રોકાયેલા અને આજરોજ તે મને અહી છત્રાલ ખાતે મુકીને જતો રહેલ છે". બનાવ બાબતે તેઓની પત્નીએ પોલીસમાં ફરીયાદ આપેલી. તેઓની દિકરીની શારીરીક તપાસ કરાવ્યા બાદ તે સાથે ઘરે આવવા માંગતી હોય તેણીને સાથે ઘરે લઇ આવેલા તે બાબતનો પોલીસે તેઓનો જવાબ લીધેલો. આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૨૦.૨)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામનાં ફરીયાદી તેઓના પત્ની છે, તેઓની ભોગબનનાર દિકરી સાથે જે બનેલ તેની જાણ તેઓની પત્નીએ કરેલી, તેઓની પત્નીએ જે ફરીયાદ આપેલી તેની હકીકત તેઓને જણાવેલી, તેઓની દિકરી ઘરેથી જતી રહેલી તેની જાણ તેઓના પિતાએ કરેલી, તેઓને પ્રશ્ન પૂછતા આ બનાવ બન્યો તેનાં અગાઉ પણ બે વખત તમારી દિકરી ઘરેથી જતી રહેલી જવાબમાં જણાવેલ કે, જતી રહેલ ન હતી પણ તે લઇ ગયેલો. એ હકીકત કબુલ રાખે છે કે અગાઉ બે વખત જે કહેવાતો બનાવ બનેલો તેની કોઇ

ફરીયાદ આપેલ નહી અને તેઓની દિકરી આવી રીતે જતી રહેલી તેથી તેઓએ તેણીને સમજાવેલ પણ તે તેઓનું માનતી ન હતી.

**(૨૦.૩)** આમ આ સાહેદના પુરાવાથી ફરીયાદી અને ભોગબનનારના પુરાવાને સમર્થન મળે છે.

**(૨૧)** આંક–૨૭ થી ડૉ.પરાગભાઈ મહેશકુમાર પટેલને તપાસેલા છે તેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ મેડીકલ ઓફીસર તરીકે પી.એચ.સી. ધાનજ, તા.કલોલ ખાતે ફરજ બજાવે છે. તા.૨૦/૦૩/૨૦૨૬ નાં રોજ તેઓ ફરજ પર હતા તે દરમીયાન ભોગબનનાર કે જેની ઉમર ૧૫ વર્ષ ૬ મહીના ૧૬ દિવસની હતી તેણીને તેઓ પાસે કલોલ તાલુકા પો.સ્ટે.નાં પી.આઇ.ની લેખીત યાદી સાથે સારવાર માટે મહીલા કોન્સ મનીષાબેન લઈને આવેલ જે યાદી આંક–૨૮ થી રજુ છે. ભોગબનનારનો ઓ.પી.ડી. કેસ નં– ૨૩૫/૩/૨૦૨૬ નો કાઢવામાં આવેલો. ભોગબનનારને બનાવની હકીકત પુછતા જણાવેલ કે તેઓ આરોપી પ્રથમ વખત ઓળખાણ ઈન્સ્ટાગ્રામનાં માધ્યમથી થયેલી ત્યારબાદ તેઓ આરોપી સાથે રોજ વાતચીત કરતી હતી, તેઓ તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ સાંજે ૫:૩૦ કલાકે આરોપીને મળવા માટે ફોન કરેલો અને તેઓ ત્યાં માનસરોવર સોસાયટીનાં બહાર જનકની રાહ જોતી હતી અને તે આવેલ ત્યારબાદ રીક્ષામાં બેસીને બેચરાજી રસ્તાનાં ખેતરમાં લીમડાનાં ઝાડ નીચે ગયેલ. તા.૧૯/૦૩/૨૦૨૬ નાં રોજ આશરે સવારે ૧૨:૩૦ કલાકે પહોંચેલા અને રોકાયેલા અને શારીરીક સંબંધ બાંધેલો. તેનાં અડધા કલાક બાદ તેઓને માસીક શરૂ થયેલું. ભોગબનનારની શારીરીક તપાસ કરતી વખતે ભોગબનનારનાં ઓળખ ચિન્હોની કેસ પેપર્સમાં નોંધ કરેલ, ભોગબનનારની છેલ્લી માસીકની તા.૧૮–૦૩–૨૦૨૬ ની હતી. તપાસ દરમીયાન તેણીનાં શરીર ઉપર આંતરીક કે બાહય ઈજાઓનાં કોઈ નિશાન ન હતા, ભોગબનનાર સભાન અવસ્થામાં હતા, તેણીનાં વાઈટલ્સ સામાન્ય હતા, હાઈમન પાર્શીયલી ટોન હતું. ભોગબનનારની શારીરીક તપાસ માટે મહીલા પો.કોન્સ.ની હાજરીમાં તેણીની સંમતી લેવામાં આવેલ હતી. ભોગબનનારનાં

પાંચ સેમ્પલ લઇ યોગ્ય રીતે સીલ કરી એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલવા સારૂ ફોરવર્ડીંગ લેટર સાથે હાજર પોલીસ કોન્સટેબલને આપેલ જેની સ્થળપ્રત આંક–૨૯ થી રજુ છે. ભોગબનનારનું સારવાર સર્ટીફીકેટ તેઓએ હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં તેઓની સહી તથા હોસ્પીટલનું સીલ ઓળખી બતાવે છે જે આંક–૩૦ થી રજુ છે. ભોગબનનારનાં કેસ પેપર્સ અને તેની સાથે તબીબી કેસનું રેકર્ડ આંક–૩૧ થી રજુ છે.

**(૨૧.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, શારીરીક તપાસ માટે ભોગબનનારને પોલીસ યાદી સાથે કલોલ સી.એચ.સી. ખાતે લાવવામાં આવેલા, ભોગબનનારની શારીરીક તપાસ કરતા પહેલા પોલીસ પેપર્સનો અભ્યાસ કરેલો, તપાસ દરમીયાન ભોગબનનાર સભાન અવસ્થામાં હતા અને તપાસમાં સહકાર આપતા હતા, ભોગબનનારની તપાસ દરમીયાન આંતરીક કે બાહય ઈજાઓ જણાઇ આવેલ નહી, ભોગબનનારની ઉંમરની ખરાઇ તેઓએ કરેલ નથી, હાઇમન ટોર્ન થવાનાં ઘણાં કારણો હોઇ શકે, આ સર્ટીમાં કોની સંમતિ મેળવેલ તે નામ જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેસ પેપર્સમાં છે. એ હકીકત કબુલ રાખે છે કે ભોગબનનારની શારીરીક તપાસ તેઓએ જાતે કરેલી, કોઇપણ સગીરા સાથે બળજબરીપુર્વક આવું કોઇ કૃત્ય કરવામાં આવે તો ચીન્હો જણાઇ આવે, ભોગબનનારની શારીરીક તપાસ દરમીયાન તેઓનાં શરીર ઉપર બળજબરીનાં કોઇ ચીન્હો મળી આવેલ નથી.

**(૨૧.૨)** આમ આ તબીબના પુરાવા પ્રમાણે પ્રમાણે આંક–૨૮ થી ૩૧ ના દસ્તાવેજોમાં લખેણ લખાણને તેઓના મૌખિક પુરાવથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે અને ભોગબનનારે સ્વચ્છાએ હિસ્ટ્રી જણાવેલ હતી તે હકીકત રેકર્ડ ઉપર આવે છે.

**(૨૨)** આંક–૩૨ થી સાહેદ રાકેશભાઇ બાબુલાલ પટેલને તપાસેલા છે.જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ માણસા ખાતે સબરજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે, નામદાર કોર્ટ ધ્વારા પોકસો કેસ નં–૯/૨૦૨૬ નાં

કામે સમન્સ બજતા ભોગબનનારનાં જન્મનું પ્રમાણપત્રની ખરાઇ તેઓની કચેરીનાં રજીસ્ટરમાં કરી તેનાં આધારે વર્ષ – ૨૦૧૦ નું અસલ રજીસ્ટર સાથે નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તે રેકર્ડની ચકાસણી કરતા ભોગબનનારનું નામ જે તે વખતે કચેરી વર્ષ–૨૦૧૦નાં રજીસ્ટરમાં પાનાં નં–૧૪૮ ઉપર એન્ટ્રી નંબર–૨૪૫૧ નોંધવામાં આવેલ છે અને તે મુજબ તેણીની જન્મ તારીખ – ૦૨/૦૯/૨૦૧૦ ની હોવાનું પ્રસ્થાપિત થાય છે. સદર રજીસ્ટરનાં સંબંધીત પાનાની તેઓની સહી તથા કચેરીનાં સિકકા સાથેની ખરી નકલ આંક–૩૩ થી રજુ છે  જન્મનાં પ્રમાણપત્રની નકલ તથા તેઓની સહી તથા કચેરીનાં સીકકાવાળી વધારાની નકલ સાથે લાવેલ છે જે આ કામે  આંક–૨૧ સાથે રાખવા હુકમ કરેલ છે. આ જન્મની નોંધણી જાયન્ટસ મેડીકલ ફાઉન્ડેશન ધ્વારા જે રેકર્ડ મોકલવામાં આવેલ તેનાં આધારે કરવામાં આવેલી જેની નોંધણી માહીતી આપવા ભોગબનનારનાં વાલી આવેલા.

**(૨૨.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે ભોગબનનારનાં જન્મની એન્ટ્રી તેઓના કચેરીનાં રેકર્ડ ઉપર જાયન્ટસ મેડીકલ ફાઉન્ડેશન માણસા ધ્વારા જે માહીતી આપવામાં આવેલ તેનાં આધારે નોંધણી કરેલી. તેઓને પ્રશ્ન પૂછતા, તેમાં કયાં દસ્તાવેજો જાયન્ટસ મેડીકલ ફાઉન્ડેશન માણસા ધ્વારા રજુ કરવામાં આવેલા જવાબ આપે છે કે, તેમાં ફોર્મ ભરવામાં આવે અને તેનાં આધારે અમે નોંધણી કરીયે. એ હકીકત કબુલ રાખે છે કે આ રેકર્ડનો ઉતારો રજુ કરેલ છે પણ આવું કોઇ ફોર્મ રજુ કરેલ નથી.

**(૨૨.૨)** આમ આ સાહેદના પુરાવા પ્રમાણે બોગબનનારના જન્મની નોંધણી જાયન્ટ મેડિકલ ફાઉન્ડેશનમાંથી કરવામાં આવેલ અને તેઓ દ્ધારા આ માહિતી આપવામાં આવેલ જે તેઓના વાલીએ આપેલ હતી અને આંક–૩૩ ના દસ્તાવેજોમાં લખેણ લખાણને તેઓના મૌખિક પુરાવથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે

**(૨૩)** આંક–૩૪ થી ડૉ.રીયા પરેશભાઇ બોડાતને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ કલોલ સી.એચ.સી. ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા.૨૩–૦૩–૨૦૨૬ નાં રોજ તેઓ ફરજ ઉપર હાજર હતી તે વખતે સાંજેનાં ૦૭:૩૦ કલાકે આરોપી નામે જનકજી જસવંતજી ઠાકોરને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનનાં પી.આઇ.શ્રી.ની પોલીસ યાદી સાથે તેઓ સમક્ષ શારીરીક તપાસ સારૂ લાવવામાં આવેલ જે અસલ પોલીસ યાદી આંક–૩૫ થી રજુ છે. આરોપીનો ઓ.પી.ડી. કેસ નં–૨૪૦/૩/૨૦૨૬ નો કાઢવામાં આવેલો જે અસલ કેસ પેપર્સ આંક–૩૬ થી રજુ છે. આરોપીને બનાવની હકીકત પુછતા જણાવેલ તેઓએ સમગ્ર હિસ્ટ્રી જણાવેલ. આરોપીની શારીરીક તપાસ કરતા તે સંભોગ માટે શારીરીક સક્ષમ અને સ્વસ્થ હતો, આરોપીનાં શરીર ઉપર આંતરીક કે બાહય ઇજાઓનાં કોઇ નિશાન મળી આવેલ નહી. આરોપીનાં પાંચ સેમ્પલ લઇ યોગ્ય રીતે સીલ કરી એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલવા સારૂ ફોરવર્ડીંગ લેટર સાથે હાજર પોલીસ કોન્સટેબલને આપેલ જેની સ્થળપ્રત આક–૩૭ થી રજુ છે. આરોપીનું સારવાર સર્ટીફીકેટ તેઓએ હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં તેઓની સહી અને હોસ્પીટલનો સીકકો ઓળખી બતાવે છે જે આંક–૩૮ થી રજુ છે.

**(૨૩.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીને શારીરીક તપાસ માટે પોલીસ યાદી સાથે લાવવામાં આવેલા, શારીરીક તપાસ પહેલા તેઓએ પોલીસ પેપર્સનો અભ્યાસ કરેલોપ, સંમતી મેળવેલ તે અંગેનાં કોઇ પેપર્સ આ કામે રજુ કરેલ નથી.

**(૨૩.૨)** આમ તબીબી પુરાવા પ્રમાણે આંક–૩૫ થી ૩૮ ના દસ્તાવેજોમાં લખેલ લખાણને તેઓના મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય તે દસ્તાવેજો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમણે પુરવાર થાય છે અને આ જ આરોપીને શારીરીક તપાસ માટે પોકસોના ગુનામાં લાવવામાં આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે.

**(૨૪)** આંક–૩૯ થી ડૉ.આતીશ કૌશીકભાઇ પંડયાને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે,હાલ તેઓ ગાંધીનગર સીવીલ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે તા.૨૧–૦૩–૨૦૨૬ નાં રોજ તેઓ ફરજ ઉપર હાજર હતો તે સમયે સવારે ૮:૦૧ કલાકે કલોલ તાલુકા પો.સ્ટે.નાં મહીલા પો.કોન્સ. રેજીનાબેન ભોગબનનારને પોલીસ યાદી તથા એક્ષપર્ટ ગાયનેક ઓપીનીયન માટે કલોલ સી.એચ.સી.ની રીફરચીટ સાથે તેઓ રૂબરૂ શારીરીક તપાસ સારૂ લાવેલ જે અસલ પોલીસ યાદી તથા રીફરચીટ આંક–૪૦ અને ૪૧ થી રજુ છે. ભોગબનનારનાં ગાંધીનગર સીવીલ હોસ્પીટલ ખાતે એમ.એલ.સી.નં– ૨૩૧૪/૨૬ થી નોંધવામાં આવેલ જે કેસ પેપર્સ આંક–૪૨ થી રજુ છે. ભોગબનનારની શારીરીક તપાસ તથા સારવાર માટે ગાયનેક વિભાગનાં ડો.અંજલી પ્રજાપતિ ,એ.પી.ગાયનેકોલોજીસ્ટની દેખરેખ હેઠળ દાખલ કરેલ હતા તેઓ જે પરીક્ષણ કરેલ તે અંગેનાં કાગળો જેમાં સોનોગ્રાફી ટેસ્ટ તથા અન્ય પરીક્ષણનાં અહેવાલ આંક–૪૩ થી રજુ છે. પોલીસ ધ્વારા મને ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર મોકલવામાં આવેલ અને તેમાં ભોગબનનારની જન્મ તારીખ ૦૨/૦૯/૨૦૧૦ ની લખેલ હતી જેનો ઉલ્લેખ તેઓએ સર્ટીમાં કરેલ છે. ભોગબનનારની તપાસ કરતા તેણીની તપાસ યોનીપટલ જુનુ તુટેલ હતું, ગુપ્તાંગ પર કોઇપણ પ્રકારની તાજી ઈજા જોવા મળેલ ન હતી. યુ.એસ.જી. રીપોર્ટ સામાન્ય હતો, યુ.પી.ટી. નેગેટીવ હતો. ભોગબનનારનુ મેડીકલ સર્ટી તથા ગાયનેક વિભાગનું ડો.રૂનુ ઘોષ ધ્વારા ઇશ્યુ કરવામાં આવેલ ડિસ્ચાર્ઝ કાર્ડ જેમા તેઓની સહી તથા હોસ્પીટલનો સીકકો છે આંક–૪૪ થી રજુ છે.

**(૨૪.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ભોગબનનારની સોનોગ્રાફી તેઓએ કરેલ નહી, તેઓએ ભોગબનનારની જાતે તપાસ કરેલ નહી, ગાયનેક તપાસનાં આધારે પણ ભોગબનનારને આંતરીક કે બાહય ઈજાઓ જણાઇ આવેલ નહી, હાઇમન ટોર્ન થવાનાં અન્ય ઘણાં કારણો હોઇ શકે, ભોગબનનારનો કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરવામાં આવેલ નથી, ભોગબનનારની તેઓએ જાતે કોઇ તપાસ કરેલ નથી માત્ર ગાયનેક વિભાગમાં રીફર કરેલ છે.

**(૨૪.૨)** આમ આ તબીબી પુરાવા પ્રમાણે આંક–૪૦ થી ૪૪ ના દસ્તાવેજોમાં લખેલ લખાણને તેઓના મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય તે દસ્તાવેજો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૨૫)** આંક–૪૫ થી ત.ક.અ.રાજેન્દ્રિસિંહ રાણાભાઈ પરમારને તપાસેલા જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ પી.આઈ. તરીકે બાબરા પો.સ્ટે.માં ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૬માં તેઓ કલોલ તાલુકા પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમીયાન ફરીયાદી તા.૨૦/૦૩/૨૦૨૬ નાં રોજ આવી પોતાની ફરીયાદ હકીકત જાહેર કરતા હોય તે ફરીયાદ તેઓનાં લખાવ્યા મુજબ લખી લીધેલ તે ફરીયાદ આંક–૨૦ થી રજુ છે તે જ છે જેમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. ફરીયાદી લખી લીધા બાદ સુચીપત્ર તૈયાર કરી તે સંબંધે સ્ટેશન ડાયરીમાં ગુનો રજીસ્ટર કરેલ અને આગળની તપાસ તેઓએ સંભાળી લીધેલ જે સુચીપત્ર આંક–૪૬ થી રજુ છે. બાદ તપાસનાં કામે ભોગબનનારનાં જન્મનાં પ્રમાણપત્રની તથા આધારકાર્ડની નકલ મેળવી બંને દસ્તાવેજો તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ જે આ કામે આંક–૨૧ અને ૨૨ થી રજુ છે તે જ છે. તપાસનાં કામે ભોગબનનાર તથા આરોપી મળી આવતા ભોગબનનારની શરીર સ્થીતી તથા બનાવ સમયે તેણીએ પહેરેલ કપડાં કબ્જે લેવા સારૂ પંચનામું બે સ્વતંત્ર પંચોની હાજરીમાં કરેલ અને તે પંચનામુ કરી તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ આંક–૧૩ થી રજુ થયેલ છે. આરોપીની અટક કરી સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં રજુ કરેલ અને આરોપીની શરીર સ્થીતી તથા બનાવ સમયે તેણે પહેરેલ કપડાં કબ્જે લેવા સારૂ પંચનામું બે સ્વતંત્ર પંચોની હાજરીમાં કરેલ અને તે પંચનામુ જે આ કામે આંક–૨૮ થી રજુ થયેલ છે. તપાસનાં કામે બે સ્વતંત્ર પંચો તથા એફ.એસ.એલ.અધિકારીશ્રીને સાથે રાખી બનાવવાળી જગ્યાનું પંચનામુ અધિકારીએ તેઓની સુચના મુજબ કરેલ જે આ કામે આંક–૧૮ થી રજુ છે.

એફ.એસ.એલ.અધિકારીશ્રીએ સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરી આપતા તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ આંક–૪૭ થી રજુ છે.

**(૨૫.૧)** તેઓ વધુમાં જણાવે છે કે, તપાસનાં કામે આરોપી તથા ભોગબનનારની સી.એચ.સી. કલોલ ખાતે શારીરીક તપાસ કરાવેલ તે અંગેનાં સર્ટી મેળવી તપાસનાં કામે સામેલ રાખેલ જે આ કામે આંક–૩૭ અને ૩૧ થી રજુ છે તે જ છે. આ ઉપરાંત તા.૦૨/૦૪/૨૦૨૬ નાં રોજ ભોગબનનારની સી.એચ.સી. કલોલ ખાતે શારીરીક તપાસ કરાવેલ અને તે અંગેનું સારવાર સર્ટી તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ જે આ કામે આંક–૩૧ થી રજુ છે તે જ છે તથા ગાંધીનગર સીવીલ ખાતે સારવાર કરાવેલ તેનું સારવાર સર્ટી આ કામે આંક–૪૩ થી રજુ છે તે જ છે. તપાસનાં કામે જરૂરી સીડીઆર ફોર્મ ભરી નોડલ ઓફીસર તરફ મોકલી આપેલ જેની સ્થળ પ્રત આંક–૪૮ થી રજુ છે. ભોગબનનારનાં જન્મનાં પ્રમાણપત્રની ખરાઈ કરાવવા સારૂ સંબંધીત કચેરીએ યાદી પાઠવેલ જે આંક–૪૯ તથા તે કચેરી ધ્વારા જન્મનું પ્રમાણપત્રની ખરાઈ કરી આપવામાં આવેલ દાખલો આંક–૫૦ થી રજુ છે. ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તે સમયે એફ.એસ.એલ. અધિકારીશ્રીને યાદી કરેલ આંક–૫૧ થી રજુ છે. તપાસનાં કામે સરકારી પંચ મેળવવા મામલતદાર કચેરી કલોલ તથા સીટીસર્વેની કચેરીને યાદી કરેલ આંક–૫૨ અને ૫૩ થી રજુ છે. બાદ આરોપી તથા ભોગબનનારનાં સારવાર સર્ટી મેળવવા કલોલ સી.એચ.સી.ને યાદી કરેલ જે આંક–૫૪ અને ૫૫ થી રજુ છે. ભોગબનનારનાં સારવાર સર્ટી મેળવવા ગાંધીનગર સીવીલીને યાદી કરેલ જે આંક–૫૬, ભોગબનનારનાં સારવાર સર્ટી મેળવવા ધાનજ પી.એચ.સીને યાદી કરેલ જે આક–૫૭, તપાસ દરમીયાન જે મુદામાલ કબ્જે લીધેલ તે રવાનગીપત્રક અને સત્તા અંગેનાં પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ.ને મોકલી આપેલ આંક–૫૮, એફ.એસ.એલ.ધ્વારા મુદામાલ સ્વીકર્યા અંગેની પાવતી આવેલ જે આંક–૫૯ થી રજુ છે. ફોરવર્ડીંગ સહીતનો એફ.એસ.એલ.અહેવાલ આંક–૬૦ થી રજુ છે. તપાસનાં કામે લાગતા–વળગતા સાહેદોનાં નિવેદન લીધેલા. આગળની તપાસ

પી.આઇ.શ્રી. જે.જે.ગઢવીનાંઓને સોંપી આપેલ.મુદામાલ અને આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૨૫.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી અને ભોગબનનાર વચ્ચે કહેવાતી મોબાઇલ પર જે વાતચીત થતી હોય તેનાં સીડીઆર આ કામે રજુ કરેલ નથી, સ્થળસ્થીતીનાં પંચનામામાં સ્થાનીક વ્યકતીને પંચ તરીકે લીધેલ નથી, તેઓ પાસે જેટલી તપાસ હતી તે સમય દરમીયાન તેઓએ ફરીયાદની હકીકતોને સમર્થન કરતો કોઇ પુરાવો બહુચરાજી ખાતેથી મેળવેલ નથી.

**(૨૫.૨)** આમ આ તપાસ અધિકારીએ તેઓને મળેલ સત્તાની રૂએ તપાસ કરેલ છે અને આંક–૪૬ થી ૬૦ સુધીના તમામ દસ્તાવેજોને તેઓના મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે તમામ દસ્તાવેજો પુરવાર થાય છે.

**(૨૬)** આંક–૬૧ થી ત.ક.અ. જીગ્નેશ જબરભાઇ ગઢવીને તપાસેલા જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ પી.આઇ. તરીકે કલોલ તાલુકા પો.સ્ટે.માં ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૬માં હું કલોલ તાલુકા પો.સ્ટે.માં પી.આઇ. તરીકે ફરજ ઉપર હાજર થતા પી.આઇ.શ્રી. આર.આર.પરમાર ધ્વારા સદર ગુનાની તપાસ અમને સોંપવામા આવેલ જે તેઓએ સંભાળી લીધેલ. ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ –૧૮૩ મુજબનું નિવેદન લેવાડાવવા સારૂ ચીફ જયુડી.મેજી. કોર્ટ, ગાંધીનગરને યાદી પાઠવેલ આંક–૬૨ અને ૬૩ થી રજુ છે. તપાસનાં કામે લાગતા–વળગતા સાહેદોનાં નિવેદન લીધેલા તેમજ તેઓએ ભોગબનનારનું રૂબરૂનું નિવેદન તા.૧૮/૦૪/૨૦૨૬ નાં રોજ લીધેલ અને તેમાં એવી હકીકત ભોગબનનારે જણાવેલ કે તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ જનક મને બહુચરાજી લઇ ગયેલો અને બહુચરાજી જતાં રોડ ઉપર કોઇની અવરજવર ન હોય તેવી જગ્યાએ રોડની સાઇડમાં ખુલ્લા ખેતરમાં જનકે તેઓ સાથે શરીર સંબંધ બાંધેલો. આવી હકીકત ખુલતા ભોગબનનાર અને તેની માતાને સાથે રાખી ભોગબનનાર બહુચરાજી ખાતે આરોપી સાથે જે જગ્યાએ રોકાયેલ તે જગ્યા બતાવવા

માંગતી હોય તેઓને સાથે લઈ બહુચરાજી ખાતે ગયેલ પરંતુ ભોગબનનારનાં જણાવ્યા અનુસાર ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ તે ખુલ્લા ખેતરો હોય તે આ જગ્યા ઓળખી શકેલ નહી જે બાબતનું નિવેદન નોંધી લીધેલ. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં સમયમર્યાદામાં ચાર્ઝશીટ દાખલ કરેલ. આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૨૬.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે તેઓએ કોઇ પંચનામા કરેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ભોગબનનાર જે ખેતરવાળી જગ્યા બતાવવા માંગતા હોય તે ઓળખી શકેલ નહી જેથી જે તે સમયે પંચનામુ કરવામાં આવેલ નહી, ભોગબનનાર જે તે જગ્યા ઓળખી શકેલ નહી ત્યારબાદ તેઓએ આરોપીને સાથે રાખીને જે તે જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવું બનેલ નહી, બહુચરાજી ખાતે તેઓએ બીજી કોઇ તપાસ કરેલ નહી.

**(૨૬.૨)** આમ આ તપાસ અધિકારીએ તેઓને મળેલ સત્તાની રૂએ તપાસ કરેલ છે અને આંક–૬૨ અને ૬૩ના તમામ દસ્તાવેજોને તેઓના મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે તમામ દસ્તાવેજો પુરવાર થાય છે.

## ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન

**(૨૭)** ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું આક્ષેપિત તહોમત પુરવાર કરવા માટે રજૂ કરેલ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તોવજી પુરાવાન મૂલ્યાં કન કરતા પહેલા પુરાવાના મૂલ્યાંકન અનુસંધાને નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા તેના અનેકવિધ ચુકાદાના માધ્યમથી પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતોની તેમજ પોકસો એકટ અન્વયે કરવામાં આવેલ કાયદાકીય જોગવાઈ તેમજ તે અનુસંધાને પ્રસ્થાપિત થયેલા માર્ગદર્શક સિધ્ધાંતોની

નોંધ લેવી અત્યંત મહત્વપુર્ણ બની રહેશે. જેનો સાર નીચે મુજબ વર્ણવી શકાય.

**(૨૬.૧)** કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે છે, ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાનો સાથે ટ્રાયલ ચલાવાની હોય છે. પ્રથમ અનુમાનમાં આરોપીએ કરેલ ગુનામાંથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની શરૂઆત કરવામાં આવતી હોય છે અને આરોપી વિરૂધ્ધમાં કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સમયે ઓછી થતી નથી અને તેની સાથોસાથ જે સાહેદો કોર્ટમાં આવીને સોગંદ ઉપર જુબાની આપતા હોય, તેઓ સાચુ જ બોલતા હોય છે, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયીક વિશ્લેષણ કરવામાં આવતુ હોય છે અને તે માટે ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ ચોકકસ માપદંડ કે જોગવાઈ કે નિતિ નિયમ ઘડવામાં આવ્યા નથી એટલે કે, ફોજદારી પ્ર કરણમાં દરેકે દરેક હકીકતો અને તેની આજુબાજુના સંજોગો જુદા જુદા હોવાથી જે તે કેસની હકીકતોને લક્ષમાં લઈને અને તેમાં ફરીયાદપક્ષે પોતે રજૂ કરેલા પુરાવાનું વિશ્લેષણ કરવાનું હોય છે. અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પણ સાથો સાથ અદાલતે એ પણ જોવાનું હોય છે કે એ ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી પણ ન જાય, સાહેદો કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને તેઓ કાયદાની આંટીઘુંટીથી પરીચીત હોતા નથી અને એવા સંજોગોમાં તેઓ ઘણી

વાર પોતાની જુબાનીમાં વિરોધાભાસ, વિસંગતતા, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો આવી અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ. પણ જો આવો અતિરેક કે વિસંગતતા કે વિરોધાભાસના કારણે ફરીયાદના મુળ ને અસર કરતા હોય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. કાયદાના અર્થમાં એ હકીકત છે કે સ્વતંત્ર સાહેદ એક એવી વ્યકિત છે કે જે પોતે કાંઈ જાણ છે તે જણાવી દે છે, જયારે હિત ધરાવનાર સાહેદ જે જાણે છે તેના કરતા કયારેય વધુ પડતુ કહેતા હોય છે અને તેને માત્ર પરીણામમાં રસ હોય છે. કારણ કે, તેને કોઈ પક્ષ સાથે નિસ્બત હોય છે. કોઈને બચાવવા માં ગે છે. હિત ધરાવનાર સાહેદ શું બન્યુ છે તેના કરતા જુબાનીમાં શું કહેવુ અને શું ન કહેવુ તેની માનસીક તૈયાર કર્યા બાદ જુબાની આપે છે. આવી જુબાની સ પુર્ણ ખોટી પણ હોતી નથી કે સંપુર્ણ સાચી પણ હોતી નથી. સ્વતંત્ર સાહેદ જે કાંઈ જાણે છે અથવા કહે છે. જયારે હિત ધરાવનાર સાહેદ જાણી બુઝીને અથવા કાંઈ વધારે કહે છે, તેથી તે સ્વતંત્ર સાહેદથી અલગ પડે છે. આથી રેકર્ડ ઉપર જયારે હિત ધરાવનાર સાહેદો અને સ્વતંત્ર સાહેદો હોય ત્યારે સાહેદોના પુરાવાની છણાવટ અને મુલ્યાંકન અત્યંત સભાનતાથી અને સાવચેતીપુર્વક કરવાનું હોય છે અને એ પણ હકીકત છે કે, કોઈપણ પ્ર કારનો પુરાવો હોય પણ તેમાં જયારે શંકાનું તત્વ પ્રવેશે ત્યારે એવો પુરાવો ફરીયાદપક્ષની નિષ્ફળતામાં પરીણમે છે. વિશેષમાં શંકા આખરે શંકા છે અને તે ગમે તેટલી દ્રઢ અને મજબુત હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. આથી જયારે ફરીયાદપક્ષનો પુરાવો આધારભુત, વિશ્વસનીય અને માનવાલાયક હોય અને કોઈપણ તબકકે તે પડકારી શકાય તેવો ન હોય

અને તમામ શંકાથી પર હોય ત્યારે આરોપી સામેનો ગુનો પુરવાર થયેલ ગણાય છે.

(૨૭.૨) આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ સાથે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની જોગવાઈનો ભંગ કર્યાનો આક્ષેપ છે. સદરહુ કાયદો ખાસ કાયદો હોવાના કારણે આ કાયદાના સંદર્ભે પુરાવાનો અમુક વિશેષ નિયમ પણ ઘડવામાં આવેલ છે. જયારે કોઈ વ્યકિત સામે કોઈ ગુનાનું તહોમત મુકવામાં આવે તો તે સાબિત કરવાની જવાબદારી સંપુર્ણપણે ફરીયાદપક્ષના શીરે છે. પરંતુ જયારે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ની જોગવાઈ મુજબ આરોપી વિરૂઘ્ધ કેસના પાયાના તત્વો પુરવાર કરવાનો બોજો પ્રથમ ફરીયાદપક્ષ ઉપર છે અને આરોપીએ ગુનો કર્યો નથી, તેની ગુનાહિત માનસિકતા નથી તે નિ:શંકપણે સાબીત કરવાનો બોજો આરોપી ઉપર લાદવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ–૨૯ મુજબ જયારે આ કાયદા હેઠળના ગુનામાં કોઈ આરોપી એ ગુનો કર્યો છે તેવું દર્શાવવામાં આવ્યુ હોય ત્યારે તે આરોપીએ આ ગુનો કર્યો છે તેવુ માની લેવામાં આવશે અને તે હકીકતથી વિરૂઘ્ધનો પુરાવો આપવાનો બોજો આરોપી ઉપર નાખવામાં આવેલ છે. વધુમાં સદર કાયદાની કલમ–૩૦ મુજબ આરોપીની ગુનાહિત માનસિકતા છે તેવું ખાસ અદાલત માની લેશે અને તેની વિરૂઘ્ધની હકીકત આરોપીપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહેશે. હાલના ગુનાના કામે કાયદાના સર્વસ્વીકૃત સિઘ્ધાંત મુજબ ફરીયાદપક્ષે સૌપ્રથમ આરોપીએ ગુનો કરેલ છે તો તે પુરવાર કરવુ જ પડે અને તે પુરવાર કરવા માટે પુરાવાનું પ્રમાણ નહી પણ ''સંભવિવતા પરીબળ'' પુરવાર કરવા

પડે.તે ફરીયાદપક્ષ ધ્વારા આક્ષેપિત ગુનાહિત કૃત્ય ''સંભવિવતા પરીબળ'' ના સિધ્ધાંત મુજબ સાબીત કરેથી તેના વિરૂધ્ધ આરોપીપક્ષે ''સંભવિવતા પરીબળ'' ના સિધ્ધાંત મુજબ હકારાત્મક પુરાવાથી બતાવી શકે ત્યાં સુધી આરોપીએ આક્ષેપીત ગુનો કરેલછે તેમ માની લેશે તેમજ જયારે આરોપીની ગુનાહિત માનસિકતા, સ્થિતિ, ઈરાદો, પ્રેરક, પ્રર્વતતા કે કોઈ હકીકતનું જ્ઞાન હતુ તે અંગે પણ અદાલત અનુમાન કરશે અને તે તેનાથી વિરૂધ્ધનું શંકાથી પર સાબિત થયેલાનું હોવુ જોઈએ.આ જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ –૨૦૧૨ ના કાયદાની કલમ–૨૯ તથા ૩૦ માં કાયદાએ ''શેલ પ્રિઝયુમ'' શબ્દ વાપર્યો છે.આ શબ્દની વ્યાખ્યા ભારતીય પુરાવાના કાયદાની કલમ–૪ માં આપવામાં આવેલ છે. તે અન્વયે જયારે કોર્ટે કોઈ હકીકત બાબત ''સેલ્ફ પ્રિઝયુમ'' દર્શાવેલ હોય તે હકીકતથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય ત્યાં સુધી તે હકીકત પુરવાર થયેલ છે તેવું પુર્વાનુંમાન કરવુ પડે. તેવી જ રીતે ભારતીય પુરાવાના કાયદાની કલમ–૧૧ ૪(એ) મુજબ કોર્ટ જાતિય સતામણી જેવા ગુનામાં જયારે આરોપીએ ભોગ બનનાર સાથે જાતિય સતામણી કરી છે તે હકીકત પુરવાર થતી હોય અને ભોગબનનાર કોર્ટ રૂબરૂ જણાવતા હોય કે તેણીની સાથે શારીરીક જાતિય સતામણી કરેલ હતી તો કોર્ટે પુર્વાનુમાન કરવુ પડે. આમ જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ના કાયદા તથા જાતિય સતામણી અંગે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈ ઓમાં જે પુર્વાનુમાન કોર્ટે કરવાનો છે તે પુર્વાનુમાન વિશિષ્ટ ગુનાની સંભાવના હોવાથી કોર્ટે ખૂબ જ કાળજીપુર્વક પુરાવાનું મુલ્યાંકન કરવુ પડે.

**(૨૭.૩)** ફોજદારી કાયદાના સિધ્ધાંતો ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે '' જે વ્યકિત સામે ગુનો નોંધાયેલ હોય, તે વ્યકિત દોષિત સાબિત ના થાય

ત્યાં સુધી તે નિર્દોષ છે '' તેવા પુર્વાનુમાન સાથે કેસની કાર્યવાહી આગળ લાવવી જોઈએ. વધુમાં '' ફરીયાદ પક્ષે જે વ્યકિત ઉપર આરોપ લગાવેલ છે તે, નિ:શંકપણે સાબિત કરવા જોઈએ. '' એટલે કે, જે વ્યકિત સામે કોઈ ગુનો કર્યાનો આરોપ છે, તેજ વ્યકિતએ ગુનો કર્યો છે, તે સિવાય અન્ય કોઈ વ્યકિતએ ગુનો કર્યો નથી, તેવી હકીકત ફરીયાદપક્ષે નિ:શંક –પણે સાબીત કરવી જોઈએ. આ સાબિતીનો બોજો ફરીયાદપક્ષ પર જ લાદવામાં આવેલ છે. ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. આ હકીકતને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી પણ અનુમોદન મળે છે કે પોતે પ્રતિપાદન કરે છે, તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે, તેમ સાબિત કરવુ પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલ હોય ત્યારે એમ કહેવાય કે, વ્યકિત ઉપર સાબિતીનો બોજો છે. તેવી જ રીતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૩ માં આ નિયમ દર્શાવેલો છે તે મુજબ, '' કોઈ ચોકકસ હકીકત અંગે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર રહે છે કે જે તેનું અસ્તિત્વ અદાલત માને તેમ ઈચ્છતી હોય, સિવાય કે તે હકીકતની સાબીતી કોઈ ચોકકસ વ્યકિત પર રહેશે, તેવી જોગવાઈ કોઈ કાનુનથી કરવામાં આવી હોય. આમ કાયદા મુજબ ફરીયાદપક્ષ ઉપર પોતાનો કેસ કે આરોપી સામેનો ગુનો સાબીત કરવાની જવાબદારી લાદવામાં આવેલી છે.

**(૨૭.૪)** સાહેદો કોર્ટમાં જુબાનીઓ આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી બરાબર પરીચીત હોતા નથી. તે સંજોગોમાં તેઓની જુબાનીઓમાં વિરોધાભાસ,વિસં

ગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તે કારણે જે ફરીયાદપક્ષના કેસ ઉપર જો કોઈ વિપરીત અસર પડતી ના હોય તેવા વિરોધાભાસ, વિસંગતતાં કે અતિરેકને દરગુજર કરવા જોઈએ.પરંતુ જો આવો વિરોધાભાસ, વિસંગતતા કે અતિરેક ફરીયાદપક્ષના કેસના મુળને અસર કરતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને મળવો જોઈએ.

(૨૮) નામ.સર્વોચ્ચ અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતે એ.આઈ.આર.૨૦૧૩ એસ.સી. ૩૪૬૭ જર્નેલસીંગ વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ હરીયાણાના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જે.જે. એકટના અંતર્ગત ઘડાયેલ રૂલ–૧૨ મુજબ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની ઉંમર નિર્ણીત કરવા માટે જે જોગવાઈ દર્શાવેલ છે તેજ જોગવાઈ કોઈપણ ગુનામાં ભોગ બનનાર બાળકના અનુસંઘાનમાં લાગુ પડે. (૨૦૧૪) ૪ એસસીસી (ક્રિમીનલ) ૩૦૬ મહાદેવ વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, કોઈપણ કિશોરની ઉંમર નકકી કરવા માટે જુવનાઈલ જસ્ટીશ ( કેર માં સમાવિષ્ટ નિયમ–૧૨ એન્ડ પ્રોટેકશન ) રૂલ્સ– ૨૦૦૭ હેઠળ કિશોરની ઉંમર નકકી કરવા માટે અનુસરવાની પ્રક્રિયા નકકી કરવામાં આવી છે તે અનુસરવાની રહે છે. નામ. સર્વોચ્ચ અદાલતે જર્નેલસીંગ (સુપ્રા) ના કિસ્સામાં આપેલ ચુકાદાના પેરા–૨૨ અને ૨૩ વંચાણે લેવા મહત્વપુર્ણ બની રહેશે. જે નીચે મુજબ છે.

“22. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007 (hereinafter referred to as “the 2007 Rule”). The aforestated 2007 Rules have been framed under Section 68(1) of the

Juvenile Justice (Care and Protection of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under: "12. Procedure to be followed in determination of age.

(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by ob taining(a)(i) The matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) The date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) The birth certificate given by a corporation or a municipal authority or a panchayat; (b) And only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child.

In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the

clauses (a)(i), (ii), (iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, wevare of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even of a child who is a victim of crime. .......”

(૨૯) આમ, નામ. સર્વોચ્ચ સ્પે. પોકસો નંબર–૧૯/૨૦૨૩ અદાલતના ઉપરોકત ચુકાદાને નજર સમક્ષ રાખી પ્રસ્તુત કેસના રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે ભોગ બનનાર બનાવ સમયે સગીર હતાતે હકીકત પુરવાર કરવા સારૂ ભોગ બનનારના આવશ્યક દસ્તાવેજો જેવા કે (i)મેટ્રીક અથવા સમકક્ષ પ્રમાણપત્રો, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં (ii) શાળામાંથી જન્મ પ્રમાણપત્રની તારીખ (પ્લે સ્કુલ સિવાય) પ્રથમ હાજરી આપી અને તેની ગેરહાજરીમાં (iii) કોર્પોરેશન અથવા મ્યુનિસીપલ ઓથોરીટી અથવા પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મ પ્રમાણ પત્રઆધારે ભોગ બનનાર ની ઉંમર નકકી થઈ શકે.

(૩૦) આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨) અને ૮૭ તથા પોકસો એકટની કલમ–૪ અને ૬ મુજબના આક્ષેપ છે.

➔ પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ પ્રમાણે એવુ અનુમાન કરવામાં આવે છે કે, આરોપીએ જ આ ગુનો કરેલ છે અને તેની આવી માનસિકતા છે.

➔ અહીં સૌથી મહત્વની હકીકત એ છે કે, બનાવ સમયે ભોગ બનનાર પોકસો કાયદાની કલમ–૨(ડી) પ્રમાણે સગીર હતા કે કેમ?

➔ ફરિયાદીનો આંક–૧૯, ૨૦, ૨૧ અને ૨૨ નો પુરાવો સંયુકત વંચાણે લેતા તેમની ભોગબનનારની જન્મ તા.૦૨/૦૯/૨૦૧૦ની છે આંક–૨૦ ની ફરિયાદ પ્રમાણે તા.૧૮/૦૩/૨૬ના રોજ આરોપી તેમની ભોગબનનર દિકરીને લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ હતો તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે. આરોપી તરફે લેવાવેલ ઉલટતપાસમાં પણ આ આંક–૨૧ અને ૨૨ અંગે કોઈપણ જાતની તકરાર લેવામાં આવેલ નથી કે તે સંબંધે કોઈ સવાલ સુધ્ધા પૂછવામાં આવેલ નથી એટલે આંક–૨૧ અને ૨૨ ના દસ્તાવેજોનો કોઈપણ રીતે આરોપી તરફે ખંડન કરવામાં આવેલ નથી માટે આ દસ્તાવેજો પ્રમાણે ભોગબનનારની જન્મ તા.૦૨/૦૯/૨૦૧૦ની હતી તે હકીકત ન માનવાનું કોઈ કારણ રહેતું નથી.

➔ તે જ રીતે આંક–૨૩ થી ભોગબનનારનો પોતાનો પુરાવો જોતા તેઓની જન્મ તા.૦૨/૦૯/૨૦૧૦ની છે તે અંગે પણ આરોપી તરફે ઉલટતપાસમાં કોઈ પ્રશ્ન પૂછવામાં આવેલ નથી કે ભોગબનનારના પોતાના આંક–૨૩ ના પુરાવામાં દર્શાવેલ જન્મ તારીખનું કોઈપણ જાતનું ખંડન કરવામાં આવેલ નથી.

➔ તદઉપરાંત આંક–૩૨ ના સાહેદ જે માણસામાં સબ રજીસ્ટાર તરીકે ફરજ બજાવે છે તેઓના પોતાના પુરાવાથી આંક–૩૩ ની સદર જન્મ–મરણ રજીસ્ટરની નકલ રજૂ થયેલ અને આંક–૨૧ સાથે બીજી જન્મના નોં ધણીનો સર્ટીફિકેટ રજુ થયેલ છે જે આ સાહેદે રજુ કરેલ છે તે જોતા ભોગબનનારનો જન્મ થયા પછી જાયન્ટસ મેડિકલ ફાઉન્ડેશન માણસા ઘ્વારા આ ભોગબનનારના વાલીએ માહિતી આપી જાયન્ટસ ફાઉન્ડેશન ઘ્વારા

માણસા ધ્વારા જન્મ મરણ અધિકારીની કચેરીએ પોતાના મેડિકલ ફાઉન્ડેશને જે બાળકોના જન્મ થયેલા તેમના જન્મની નોંધણી માટે લીસ્ટ આપેલ.

➔ અહી ભોગબનનારની જન્મની તારીખની માહિતી તેના વાલી ધ્વારા પણ આપવામાં આવેલ હતી તેવું આંક–૩૨ના સાહેદે સ્પષ્ટ પુરાવો આપેલ છે આ ભોગબનનારના વાલીએ આપેલ માહિતી તથા જાયન્ટસ ફાઉન્ડેશન ધ્વારા જે માહિતી મોકલવામાં આવેલી જે ફોર્મના સ્વરૂપમાં હતી તે માહિતીના આધારે આ આંક–૩૨ના સાહેદે સદર કચેરીમાં નિભાવવામાં આવતા જન્મ મરણ રજીસ્ટર પાના નં.–૧૪૮અને એન્ટ્રી નં.–૨૪૫૧ થી આ જ ભોગબનનારના જન્મની નોંધણી કરેલ હતી જે તમામ હકીકતો ભોગબનનારના માતાના પુરાવાથી તેમજ ભોગબનનારના પોતાના પુરવાથી સુસંગત હોઈ, એકબીજાને સમર્થન કરતા હોય ન માનવાનું કોઈ કારણ રહેતું નથી.

➔ આ ભોગબનનારના જન્મ થયેલાની હકીકત ખુલી કરેલ હતી કચેરીએ જઈ પોતાની ભોગબનનારના જન્મની નોંધણી કરેલ હતી એટલે આ આંક–૨૧નું ભોગબનનારનો જન્મનું પ્રમાણપત્ર જે રજૂ કરવામાં આવેલ સદર રજીસ્ટરના ઉતારાની નકલ અને ભોગબનનારનો પોતાનો અને ભોગબનનારના પિતાનો પુરાવો તમામ એકબીજા સાથે સુસંગત હોય તે તમામ પુરાવા પ્રમાણે ભોગબનનારની જન્મ તારીખ કોઈપણ રીતે શંકાશીલ જણાઈ આવતી નથી એટલે ભોગબનાનરની જન્મ તા.૦૨/૦૯/૧૦ ની હતી તે હકીકત પુરવાર થાય છે.

➔ એટલે કે ભોગબનનાર બનાવ સમયે સગીરા હતા તે હકીકત નકારી શકાય નહીં અને તે અંગે આરોપી તરફે ખુલાસો કે પુરાવો રેકર્ડ ઉપર આવેલ

નથી. માટે તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ભોગબનનાર અને આરોપી જતા રહેલ અને ત્યારબાદ બંને વચ્ચે શારીરીક સંબંધ બંધાયેલ તે સમયે ભોગબનનાર સગીરવયના હતા તે હકીકત પુરવાર થાય છે.

**(૩૧) અહીં એ જોવાનું રહે કે આ જ આરોપી આ જ સગીરવયની ભોગબનનારને લલચાવી ફોસલાવી લઈ જઈ શારીરીક સંબંધ બાંધેલ હતા કે કેમ ?**

➔ આંક–૨૭ અને ૩૪, ૩૯ થી તપાસેલ મેડીકલ ઓફીસરે ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસ દરમ્યાન એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે તેઓના જરૂરી નમૂના મેળવેલ અને તે નમૂના એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે જરૂરી કાર્યવાહી અનુસરી મોકલી આપેલ. જે અંગેની એફ.એસ.એલ.ની પાવતી તથા ફોરવર્ડીંગ લેટર સાથે મુદામાલ પૃથ્થકરણ અહેવાલ પણ મેળવેલ છે. જે તમામ મુદામાલ ભોગબનનાર અને આરોપીના કપડા આંક–૧૦ અને આંક–૧૩ના પંચનામા તથા પંચસ્લીપ આંક–૧૧ અને ૧૨ તથા આંક–૧૫ અને ૧૬ સુધીના રજુ છે તેને ભોગબનનાર ધ્વારા અને ફરીયાદી ધ્વારા સમર્થન મળેલ છે.

➔ તદઉપરાંત ભોગબનનારે કોર્ટ સમક્ષના પોતાના પુરાવામાં આ જ કપડા તેઓએ તપાસ અર્થે પોલીસને આપેલ હતા તે જ કપડા છે.

➔ અહીં આ તમામ કપડા આ જ પોકસોના કેસમાં આંક–૧૦ અને ૧૩ ના પંચનામાંની વિગતે કબજે કરેલા જે તમામ પંચો કોર્ટ સમક્ષ પોતાના પુરાવામાં ચોકકસાઈથી આ તમામ કપડાઓ ઓળખી બતાવે છે.

➔ આરોપીએ પોતાની મેડીકલ તપાસ દરમ્યાન મેડીકલ ઓફીસરશ્રીને જણાવેલ હિસ્ટ્રી પોતાની સભાન અવસ્થામા તેમજ સ્વતંત્ર હતા

ત્યારે આપેલ છે. આરોપી ઉપર કોઈપણ જાતનુ પોલીસનુ કે અન્ય કોઈનુ કોઈપણ જાતનુ દબાણ હોવાનુ આરોપીએ જણાવેલ નથી. ત્યારે આરોપીએ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ જણાવેલ હિસ્ટ્રીની હકીકત ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૩(૧) અને ૨૩(૨) મુજબ સદર હિસ્ટ્રી જે નિવેદન સ્વરૂપની હતી તે પોલીસની હાજરીમાં આપવામાં આવેલ ન હતી માટે પુરાવામા ગ્રાહય ગણાય.

➔ અહીં આરોપીએ આંક–૩૪ના ડૉ.સમક્ષ સ્વતંત્ર રીતે ઈતિહાસ–હિસ્ટ્રી આપેલ છે જે આંક–૩૮ના મેડિકલ સર્ટીફિકેટમાં આરોપીએ જાતે લખાવેલ હિસ્ટ્રી પ્રમાણે તેઓ તા.૧૮/૩/૨૬ના સાંજના સાડા સાત વાગે છત્રાલથી જતા રહેલ અને છેલ્લા ડોઢ વર્ષમાં ત્રણ થી ચાર વખત શારીરીક સંબંધ બાંધેલ તેવી હકીકત સ્પષ્ટ લખાવેલ છે.

➔ આ તમામ હકીકતો જે હિસ્ટ્રી સ્વરૂપે હોય તેને ન માનવાનું કોઈ કારણ રહેતું નથી.

➔ અહીં ભોગબનનારનો આંક–૨૩ નો કોર્ટસમક્ષનો પુરાવો તથા આંક–૨૪ થી બી.એન.એસ.અસ.ની કલમ–૧૮૩ પ્રમાણે નામદાર જજસાહેબ સમક્ષ આપેલ નિવેદન જોતા તે બંને છુટક સાધનમાં બેસી તા. ૧૮/૩/૨૬ના રોજ બહુચરાજી ગયેલ જયા બહાર ખુલ્લા ખેતરમાં રોકાયેલ અને આ દરમિયાન આરોપી જનકે તેઓ સાથે શારીરીક સંબંધ બાંધેલ તેવું સ્પષ્ટ લખાવેલ છે.

➔ તદઉપરાંત આંક–૨૪ ના નિવેદનમા એવું લખાવેલ છે કે, '' તેણે મને કીધેલું કે મને તું જોઈએ છે તું આવી જા, તું નહીં આવે તો કેનાલમાં કુદી મરી જઈશ આ બીકમાં હું તેની સાથે ગયેલી '' અને તા.૧

૮/૩/૨૬ના રોજ...... અમે કોઈના ખેતરમાં રોકાયેલા ત્યાં મારી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ.

➔ ભોગબનનારે આંક–૨૭ના ડૉ.શ્રી પરાગભાઈ પટેલ સમક્ષ સ્વંતત્ર હીસ્ટ્રી આપતા એવું લખાવેલ છે કે, બેચરાજીમાં શારીરીક સંબંધ બાંધ્યો હતો તેના અડધા કલાક પછી મને માસિક શરૂ થઈ ગયેલું.

➔ આમ ઉપરોકત ભોગબનનારે આ કોર્ટ સમક્ષ જે પુરાવો આપેલ છે, નામદાર જજસાહેબ સમક્ષ જે આંક–૨જનું નિવેદન લખાવેલ છે અને આં ક–૩૧ની સ્વતૃત્ર રીતે ડૉ.સમક્ષ જે હિસ્ટ્રી લખાવેલ છે તે તમામ હકીકતો પરથી એ હકીકત પુરવાર થાય છે કે આ જ આરોપીએ આંક–૩૮ની જે પોતે હિસ્ટ્રી લખાવેલ છે તે પ્રમાણે તા.૧૮/૩/૨૬ થી તા.૨૦/૩/૨૬ સુધી આ ભોગબનનાર આ જ આરોપી પાસે હતી અને આ જ આરોપીએ આ સગીરા સાથે બેચરાજીની પાસે આવેલ ખુલ્લા ખેતરમાં શારીરીક સંબંધ બાંધેલ હતો તે હકીકત પુરવાર થાય છે.

➔ આરોપીએ ભોગ બનનાર સાથે મરજીથી અવાર નવાર શરીર સંભોગ કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આ શારીરીક સંભોગ આરોપીએ સગીરવયની ભોગબનનાર સાથે કરેલ છે.

➔ તેઓને તા.૨૦/૦૩/૨૬ના રોજ મેડિકલ તપાસ માટે મોકલવામાં આવેલા તથા આંક–૧૦ વાળું પંચનામું જેમાં આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે લેવામાં આવેલા અને આ જ કપડા આંક–૪૫ ના તપાસ અધિકારીએ આંક–૫૮ ની રવાનગી નોંધ અને સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. કચેરીએ મોકલેલા.

➔ આ જ આંક–૪૫ થી તપાસ અધિકારીએ ભોગબનનાર અને આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા જે એફ.એસ.એલ.

કચેરીએ ચકાસણી માટે મોકલેલા તે જ મુદામાલ આંક–૫૯ ની મુદામાલ એફ.એસ.એલ. કચેરીને મળી ગયેલ પ્રમાણેની પહોંચ જોતા તે જ મુદામાલને એફ.એસ.એલ.કચેરી ધ્વારા પરીક્ષણ કરી આંક–૬૦નો પૃથ્થકરણ અહેવાલ બનાવવામાં આવેલ.

➔ અહીં ભોગબનનાર બનાવ સમયે પહેરેલ કપડા આંક–૧૩ પંચનામાના પંચોની હાજરીમાં કબજે લેવામાં આવેલા અને આ જ કપડા આંક–૪૫ ના તપાસ અધિકારીએ આંક–૫૮ ની રવાનગી નોંધ અને સત્તાના પ્ર માણપત્ર સાથે એફ.એસ.એલ. કચેરીએ મોકલેલા પરંતુ તેમાં એફ.એસ.એલ.અહેવાલ આંક–૬૦ પ્રમાણે કોઈ વીર્ય, રૂધિર કે લાળ મળેલ નથી.

➔ પણ ભોગબનનારે આંક–૩૦ અને ૩૧ બંને સર્ટીફિકેટમાં હિસ્ટ્રીમાં સ્પષ્ટ લખાવેલ છે કે, તા.૧૮/૩/૨૭ એ છેલ્લું શારીરીક સંબંધ બાં ધેલ અને સ્નાન કરેલ હતું અને ૧૯/૩/૨૭ના રોજ કપડા બદલેલ હતા જેથી સ્વાભાવિક રીતે ભોગબનનારના કપડા ઉપર આરોપીનું વીર્ય, રૂધિર કે લાળના હાજરી મળી આવે તેવી શકયતા ન જ હોય.

➔ એટલે કે આ જ આરોપી જનકજી જસંવતજી માનસંગજી ઠાકોર ફરિયાદીની સગીરવયની ભોગબનનાર દિકરીને લલચાવી, ભોગ બનનારને બહુચરાજી મુકામે લઈ જઈ, સગીરવયની ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત પણ ઉપરોકત તમામ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાયછે.

➔ આના પરથી એ હકીકત પુરવાર થાય છે કે, **આરોપી પોતે ૨૯ વર્ષની ઉંમરના પરીણીત અને એક દિકરીના પિતા હતા અને ભોગબનનાર ૧૫ વર્ષના સગીરવયના હતા** અને આરોપીએ તેમની કુમળી વયની મનોસ્થિતીનો

ગેરલાભ લઈ લલચાવી ફોસલાવીને ભોગબનનારને લઈ જઈ, આરોપીને ભોગબનનાર સગીરવયની છે અને પોતે ભોગબનનારથી બમણી ઉંમરના છે તે હકીકત જાણવા હોવા છતાં તેની સાથે વારંવાર શારીરીક સંબંધ બાંધેલ તે હકીકત પુરવાર થાય છે.

➔ સદર કામે ભોગબનનાર ૧૫ વર્ષના સગીરા હતા માટે તેમની મુખ સંમતી પણ સંમતી ગણાય નહીં આ ભોગબનનાર સગીર હોવાથી તા.૧૮/૦૩/૨૬ ના રોજ તેમના માતા–પિતાને કાયદેસરની કસ્ટડીમાં હતા તે દરમિયાન આ જ આરોપીએ ભોગબનનારને તેમના કુદરતી વાલીઓની સંમતી વગર વાલીપણામાંથી લઈ જઈ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ હતા.

➔ અહીં આરોપી પોતે ૨૯ વર્ષનો છે પરીણીત છે એક દિકરીનો પિતા પણ છે જે હકીકતને કોઈ જગ્યાએ ખંડન કરવામાં આવેલ નથી.

➔ એટલે કે આ આરોપી માનસિક અને શારીરીક રીતે પૂર્ણરૂપથી પરીપકવ છે અને દરેક રીતે MATURE છે.

➔ જયારે ભોગબનનાર કુમળી વયની છે અને ૧૬ વર્ષથી ઓછી ઉંમરની છે જેને પોતાનું સારૂ–નરશું ના જ ખબર હોય માટે આવા સગીરાઓની અવિકસીત માનસિક અને શારીરીક સ્થિતીનો લાભ આરોપી જેવા ૨૯–૩૦ વર્ષના વ્યકિતઓ ન લે તે માટે જ આ પોકસોના કાયદાનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

➔ અને આવી પરીસ્થિતીમાં આ જ આરોપીએ સગીર કુમળી વયની ૧૬ વર્ષથી ઓછી ઉંમરની સગીરાને વારંવાર તેના માતાપિતાના કાયદેસરના વાલીપણાંમાંથી યેનકેન પ્રકારે લલચાવી ફોસલાવી લઈ જઈ શારીરીક સંબંધો બાંધેલ હતાં.

➔ આરોપીને સંપૂર્ણ જ્ઞાન છે કે આવી કોમળ મનોસ્થિતી વાળી સગીરાને લલચાવી સંભંવ છે તેની સાથે બળજબરી કરવી સંભંવ છે માટે જ પોતે પરીણીત હોવા છતાં પોતાનીવિકૃત માનસિકતા સંતોષવા શબ્દોના માયાજાળમાં ફસાવી અપહરણ કરી તા.૧૮/૩/૨૬ના રોજ લઈ જઈ તેની સાથે બળજબરીથી શારીરીક સંબંધ બાંધેલ હતો તે હકીકત પુરવાર થાય છે.

➔ માટે આરોપીનું માનસિક પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ પ્રમાણે આ આરોપીએ સગીરવયની ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધી સદર એકટની કલમ–૪ અને ૬ પ્રમાણેનો ગુનો કરેલ છે અને આ આરોપીએ આ તહોમતનામું જે તેની વિરૂધ્ધ ઘડવામાં આવ્યું હતું અને તે પ્રમાણે જે પુરાવા રેકર્ડ ઉપર આવેલા તેનાથી વિરૂધ્ધનું સાબિતી અંગેનો કોઈ પુરાવો કોર્ટ સમક્ષ રજૂ કરેલ નથી.

➔ સામાન્ય રીતે કાયદો આરોપીને શરૂઆત થી જ નિર્દોષ ગણે છે અને ફરીયાદી પક્ષે આરોપીને ગુનો પુરવાર કરવો પડે પરંતુ આ પોકસો કાયદાની કલમ–૨૯ પ્રમાણે જે દિવસે આરોપી વિરૂધ્ધ આ કાયદા હેઠળની ફરીયાદ નોંધવામાં આવે તે જ દિવસથી આરોપી ગુનેગાર છે તવું માનીને તેવા અનુમાન સાથે જ પોકસો કેસની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અને આરોપીએ જાતે ફરીયાદી પક્ષ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવું પડે.

➔ **સદર કામે,**

**૧.** આરોપી પોતે સગીરાની દોઢ વર્ષથી ઓળખતો હતો તે હકીકત નિર્વીવાદિત છે.

**૨.** આરોપીએ પોતે આંક–૩૪ ના ડૉ.સમક્ષ સ્વતૃત્ર હિસ્ટ્રી આપેલ છે કે સગીરા સાથે શારીરીક સંબંધ બાંધેલ હતો.

3. આરોપી તરફથી આંક–૨૫ થી ઉલટતપાસ દરમિયાન કોર્ટના રેકર્ડ ઉપર સગીરાએ લખી આપેલ બાહેંધારી પત્ર રજુ કરેલ છે તે જોતા આરોપીએ સગીરાને સમજાવીને જાતે તેના ઘરે મૂકી આવેલ હોય તેવું કયાંય દર્શાવેલ નથી જેથી આ જ આરોપીએ આ જ સગીરાને ઓળખે છે, ભોગબનનાર સગીરા છે તેવું જ્ઞાન છે, પોતે પરણીત છે અને એક દિકરીનો પિતા છે છતાં વારંવાર સગીરાને કુમળી મનોસ્થિતીનો લાભ લઈ આંક–૨૪માં ભોગબનનારે જે ભાવનાત્કમ શબ્દો ઉચ્ચારી ભોગબનનારને તા.૧૮/૩/૨૬ ના રોજ બહુચરાજી ખોત લઈ ગઈ તે જ રાત્રીએ તેની સાથે શારીરીક સંબંધ બાંધી પોકસો એકટની કલમ–૪ પ્રમાણેનો ગુનો કરેલ છે.

➔ તદઉપરાંત આંક–૩૪ના ડૉ.સમક્ષ સ્વતંત્ર રીતે આપેલ ઈતિહાસ પ્રમાણે જે કબુલાત પણ કહી શકાય તે પ્રમાણે તેને ભોગબનાનર સાથે સદર કામે આંક–૧૮ ના પંચનામામાં દર્શાવેલ પ્રમાણેની જગ્યાએ ત્રણ થી ચાર વખત શારીરીક સંબંધ બાંધેલ એટલે કે ૧૬ વર્ષથી ઓછી ઉંમરની સગીરા સાથે REPEATED શારીરીક સંબંધ બાંધેલ માટે આરોપી પોકસો એકટની કલમ–૬ પ્રમાણેનો ગુનો કરેલ છે તે પુરવાર થાય છે.

## (૩૨) આરોપી વિરૂધ્ધ સદર કેસ પુરવાર થયાના વિશેષ કારણો :

➔ આંક–૧૦ તથા આંક–૧૩ ના પંચનામા તથા આંક –૧૧ અને ૧૨ તથા આંક–૧૫ અને ૧૬ સુધીની પંચસ્લીપો મુજબ આ જ ભોગબનનાર અને આરોપીના કપડા કબજે લેવામા આવેલ તે હકીકત પુરવાર થાય છે.

➔ અહીં આરોપીએ આપેલ હિસ્ટ્ર પ્રમાણે દોઢ વર્ષથી તે સગીરા સાથે શારીરીક સંબંધ બાંધતો હતો તેવું રેકર્ડ ઉપર આવેલ

છે અને ભોગબનનારના માતાપિતાનો કુદરતી પુરાવા પ્રમાણે તેઓએ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર સ્પષ્ટ જણાવે છે કે સમાજમાં આબરૂની બીકના કારણે અગાઉ કોઈ ફરીયાદ આપેલ ન હતી.

➔ જેથી સ્વાભાવિક રીતે ગામમાં સગીરાની બદનામી ન થાય તે પ્રમાણે તેના માતાપિતા વર્તેલ હતા પરંતુ રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવા જોતા આરોપી સતત AT REGULAR INTERVALS સગીરા સાથે શારીરીક સંબંધ બાંધતો હતો માટે આરોપીનું દરેક શારીરીક સબંધ જે તેને સગીરા સાથે બાંધે હતા તે તમામ કૃત્ય આ તા.૧૮/૩/૨૭ના રોજના કૃત્યનું ભાગ ગણાય તેથી ભારતીય સાક્ષ્ય અધિનિયમની RESGESTAE એટલે કલમ–૪ પ્રમાણે સદર પુરાવામાં રેલીગેન્ટ ગણાય.

➔ સદર કામે આરોપી તરફે એવો ડિફેન્સ લેવામાં આવેલ છે કે બેચરાજી પાસે આવેલ ખુલ્લા ખેતરમાં કોઈ પંચનામું કરવામાં આવેલ નથી પરંતુ આંક–૬૧ ના તપાસ અધિકારી શ્રી.જે.જે.ગઢવીનાઓ કોર્ટ સમક્ષના પોતાના પુરાવામાં સ્પષ્ટ જણાવે છે કે ભોગબનાનરે તા.૧૮/૩/૨૬ના રોજ જનક તેને બહુચરાજી જતા રોડ ઉપર કોઈની અવર જવર ન હોય તેવા રોડની સાઈડમાં ખેતરમાં સંબંધ બાંધેલ.

➔ જેથી આ તપાસ અધિકારીએ ભોગબનનાર અને તેની માતાને સાથે રાખી બહુચરાજી જે જગ્યએ બનાવ બનેલ ત્યાં ગયેલ પરંતુ તે ખુલ્લા ખેતર હતા જેથી ભોગબનનાર તે જગ્યા ઓળખી શકેલ નહીં અને તે માટે ભોગબનનારનું વિશેષ નિવેદન પણ લેવામાં આવેલ હતું.

➔ આમ આરોપીનું આ ડિફેન્સ ટકી શકે નહીં કારણ કે બહુચરાજીના ખુલ્લા ખેતરમાં આ બનાવ બનેલ ત્યારે ચોકકસ અંધારૂ હતું જેથી સ્વાભાવિક રીતે ભોગબનનાર જે પોતે કુમળી મનોસ્થિતી ધરાવે છે તેને ચોકકસ કયાં

ખેતરમાં આ બનાવ બનેલો તે ઓળખી ન પણ શકે પણ તેટલા માત્રથી તેનો પુરાવો ફેકી દેવાય નહીં.

➔ તદઉપરાંત સદર કામે ગુનાવાળી જગ્યા A FACT IN ISSUE નથી પણ સગીરા ઉપર આરોપીએ બળાત્કાર કર્યો છે કે કેમ તે મુદ્દો છે માટે ખેતર ગમે તે હોય તેનાથી ફરીયાદીના કેસને અસર પડે નહીં. માત્ર સગીરા સાથે આરોપીએ શારીરીક સંબંધ બાંધેલ હતો કે કેમ તે જ હકીકત ફરીયાદી પક્ષે પુરવાર કરવાની રહે.

➔ અહીં ફરીયાદીના આંક–૧૯ અને ૨૦ નો પુરાવો, ભોગબનનારના પિતાનો આંક–૨૬નો પુરાવો અને ભોગબનાનરના આંક–૨૩ અને નામદાર જજસાહેબનો આંક–૨૪ નો પુરાવો અને આંક–૩૦ અને ૩૧ ડૉ.સમક્ષ આપેલ ઈતિહાસ તથા આરોપીએ સ્વતંત્ર રીતે ડૉ.સમક્ષ આંક–૩૬ અને ૩૮ માં જે હિસ્ટ્રી જણાવેલ છે તે જ હિસ્ટ્રી આ ડૉ.શ્રી રીયા પરેશભાઈ બોડાતનાઓઓ કોર્ટ સમક્ષ પોતાના પુરાવામાં કોરોબરેટ કરેલ છે જેથી આરોપીએ આપેલ તબીબી સમક્ષની હિસ્ટ્રી જે EXTRA JUDICIAL CONFESSION કહેવાય. આમ ઉપરોકત તમામ સાહેદો અને આરોપીએ પોતે આપેલ હિસ્ટ્રી એકબીજા સાથે સુસંગત હોય આ જ આરોપીએ આ જ ૧૬ વર્ષથી ઓછી ઉંમરની સગીરા સાથે વારંવાર શારીરીક સંબંધ બાંધેલ હોય સદર આરોપી વિરૂઘ્ઘ જે તહોમતનામું ઘડવામાં આવેલ હોય તે પ્રમાણેનો ગુનો પુરવાર થાય છે.

(૩૩) આમ, સદર કામમાં ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ૧૫ વર્ષ, ૦૬ મહિના ૧૬ દિવસની એટલે કે, ૧૮ વર્ષથી ઓછી હોવાની હકીકત ભોગબનનાર ના જન્મના દાખલની નકલ આંક–૨૧ તથા ભોગ બનનારના આધારકાર્ડની નકલ આંક–૨૨ થી રજુ થયેલ દસ્તાવેજોથી પુરવાર થયેલ છે. ફરિયાદપક્ષે તપાસેલ ફરિયાદી/ભોગ બનનારના પિતા, ખુદ ભોગ બનનાર તથા ભોગ બનનારની માતાના પુરાવાને મેડીકલ એવીડન્સથી પણ સંપૂર્ણ સમર્થન મળે છે. આ કામના ભોગબનનાર આરોપી સાથે હોવાની હકીકત પણ ફરિયાદી / ભોગબનનારના પિતા, ભોગબનનારની માતા તથા ખુદ ભોગબનનારના પુરાવાથી સંપૂર્ણ સમર્થન મળેલ છે. આરોપી શારીરીક સંબંધ બાંધવા સક્ષમ હોવાની હકીકત પણ મેડીકલ એવીડન્સથી પુરવાર થયેલ છે. આ આરોપી જનકજી જસવંતજી માનસંગજી ઠાકોરએ તા. ૧૮/૩/૨૬ના રોજ આ કામની કુમળી વયની ભોગબનનાર તેના કાયદેસરના વાલીપણાંમાંથી લલચાવી ફોસલાવી લઈ જઈ તેની સાથે શારીરીક સંબંધ બાં ધેલ અને અગાઉ પણ આંક–૧૮ ની બનાવવાળી જગ્યાએ અવારનવાર ભોગબનાનર સાથે શારીરીક સંબંધ બાંધેલ. આમ આ આરોપીએ કુમળી વયની ભોગબનનાર સાથે તેની મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલ તે હકીકત પુરવાર થાય છે **જેથી મુદા નંબર–૧ પુરતો હકારમાં અને મુદા નંબર–૨ જવાબ હકારમાં આપી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.**

**<u>–:: હુકમ ::–</u>**

(૧) આ કામના જનકજી જસવંતજી માનસંગજી ઠાકોર ઉ.વ.૨૯ ધંધો.મજુરી રહે. મ.નં.૧૨૦ માનસરોવર સોસાયટી છત્રાલ, તા.કલોલ. જી.ગાંધીનગર. મુળ રહે. સેંદરડી તા.કડી જી.મહેસાણા.નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) મુજબ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૬૦૨૨૨૬૦૨૦૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટ કલમ–૪, ૬ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા. ૩૦ , માહે–જુલાઇ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ:૩૦/૦૭/૨૦૨૬**
**કલોલ.**

**(બ્રિજેશકુમારી રામેશ્વરસિંહ રાજપુત)**
**ખાસ જજ (પોક્સો) તથા ચોથા અધિક**
**સેશન્સ જજ, કલોલ જી. ગાંધીનગર.**
**(કોડ નંબર–જીજે ૦૦૮૨૬)**

**<u>સજા અંગે સાંભળયા .</u>**

વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોશીએ એવી રજૂઆત કરેલ છે કે, આરોપી પરણીત છે એક દિકરીનો પિતા છે અને પરીપક્વ ઉંમરનો છે છતાં તેને સગીરા જે તેની ઉંમરથી ખૂબ જ નાની હોય તે સગીરાને બાળમનોવૃતિનો લાભ લઈ તેનું વારંવાર શારીરીક શોષણ કરેલ છે માટે આવા આરોપીને કાયદામાં પ્રસ્થાપિત મહત્તમ સજા કરવા દરગુજર કરેલ છે.

આરોપી તરફે લીગલના વિ.વ.શ્રી એસ.એ.પઠાણનાઓએ કોર્ટ સમક્ષ રજુઆત કરેલ છે કે આરોપીને જો મહત્તમ સજા કરવામાં આવશે તો તેની

પત્ની અને બાળકી ઉપર વિપરીત અસર થશે જેથી આરોપી ઉપર દયા રાખી તેને ઓછીં સજા કરવા દરગુજર કરેલ છે.

બંનેને સાંભળ્યાં.

સદર કામે આરોપી ભોગબનનારની ઉંમર કરતા બમણી ઉંમરનો પરીણીત વ્યકિત છે. આ આરોપી પોતાની પત્નીને તો CHEAT કરેલ છે પણ એક બાળ મનોસ્થિતી જેવી કુમળી વયની સગીરા સાથે વારંવાર દુષ્કર્મ કરી સગીરાનું મન ઉપર દુષ્કર્મની જે છાપ છોડેલ છે તે કોઇપણ સજા કે વળતરથી ભુંસી શકાય નહીં માટે આવા આરોપી કે જેની મનોદશા જ વિકૃત છે તેને સમાજથી અલગ રાખવો અનિવાર્ય છે માટે કાયદામાં પ્રસ્થાપિત સજા કરવા જરૂરી જણાઇ આવતી હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**(૧)** આ કામના જનકજી જસવંતજી માનસંગજી ઠાકોર ઉ.વ.૨૯ ધંધો.મજુરી રહે. મ.નં.૧૨૦ માનસરોવર સોસાયટી છત્રાલ, તા.કલોલ. જી.ગાંધીનગર. મુળ રહે. સેંદરડી તા.કડી જી.મહેસાણા.નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) મુજબ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૬૦૨૨૨૬૦૨૦૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એકટ કલમ–૪, ૬ મુજબના ગુના સંબંધે દોષિત ઠરાવી નીચે મુજબની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૧/૧)** આરોપીને ધી પોક્સો એકટ, ૨૦૧૨ની કલમ–૪ પ્રમાણેના ગુના માટે ૧૦(દસ) વર્ષની સખત કેદની સજા અને ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે જો દરેક આરોપી દંડની રકમ દિન–૩૦(ત્રીસ)માં જમા કરવામાં નિષ્ફળ જાય તો,

સદર દંડની વસુલાત બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૧ પ્રમાણે વસુલાત વોરંટ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧/૨)** આરોપીને પોક્સો એક્ટની કલમ–૬ પ્રમાણેના ગુના માટે ૨૦(વીસ) વર્ષની સખત કેદની સજા અને ૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે જો દરેક આરોપી દંડની રકમ દિન–૩૦(ત્રીસ)માં જમા કરવામાં નિષ્ફળ જાય તો, સદર દંડની વસુલાત બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૧ પ્રમાણે વસુલાત વોરંટ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧/૩)** આરોપીને ધી પોક્સો એક્ટ, ૨૦૧૨ની કલમ–૪, ૬ મુજબના ગુનામા મહત્તમ સજા ફરમાવેલ હોઈ, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) મુજબના ગુના અન્વયે અલગથી કોઈ સજા ફરમાવવામાં આવતી નથી.

**(૨)** આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૭ અન્વયે ઉપરોક્ત કાયદા હેઠળ કરેલ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** બી.એન.એસ.એસ.ની ૪૬૮ પ્રમાણે આરોપીએ સદર કામે ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ અન્વયે આ ચુકાદાની નકલ આરોપીને વિના મુલ્યે આપવી.

**(૫)** આ કામે કબજે કરવામા આવેલ બીનકિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ, નિયમોનુસારની કાર્યવાહી અનુસારી આથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે. જયારે કિંમતી મુદામાલ અન્વયે વચગાળાના

તબકકે જો કોઈ હુકમ કરવામા આવેલ હોય તો તે હુકમ આથી અપીલ સમય વિત્યા બાદ કાયમ કરવામા આવે છે. અન્યથા તપાસ અર્થે કબજે લીધેલ કિંમતી મુદામાલની અપીલ સમય વિત્યા બાદ જાહેર હરાજી કરી, તેમાંથી ઉપજેલ રકમ સરકારશ્રીમા જમા કરાવવા આથી હુકમ કરવામા આવે છે.

(૬) આ કામના ભોગબનનારને વળતર પેટે રૂ.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ડી.એલ.એસ.એ., ગાંધીનગરને ગુજરાતની ભોગબનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ મુજબ ચુકવી આપવા અને તેની ફાળવણી અંગે યોગ્ય હુકમ કરવો અને અગાઉ કોઇ વળતર ચૂકવેલ હોય તો તેને મજરે ગણવું તેવો હુકમ કરવામાં આવે છે.

(૭) આ ચુકાદાની એક નકલ કલેકટરશ્રીને સી.આર.પી.સી.ની કલમ–૩૬૫ અન્વયે તથા સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ, ગાંધીનગરને મોકલી આપવી.

(૮) નામ. ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર નં.સી.૨૬૨૩/૨૦૦૫, તા.૦૨/૦૯/૨૦૦૫ અન્વયે સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઈ.ને તથા સંબંધિત જેલ ઓથોરિટીને આ કામના તહોમતનામાની તથા આખરી હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૯) ગુજરાતની ભોગબનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ના નિયમોના નિયમ–૧૦ અનુસાર આ ચુકાદાની એક ખરી નકલ સદર ગુનાની તપાસ કરનાર અમલદાર તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરને જાણ સારૂ તથા યોગ્ય તે કાર્યવાહી માટે મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૧૦) આ સાથે રાજીસ્ટ્રીને ભોગ બનનારની ઓળખ દર્શાવતા તમામ અસલ દસ્તાવેજો દુર કરવા અને સીલબંધ કવરમા રેકર્ડ સાથે તથા તે

દસ્તાવેજોની રીડેકટેડ કોપી (પુનઃસંસ્કરણ નકલ)રેકર્ડમાં રાખવાનો નિર્દોષ નામ.ગુજરાત હાઈકોર્ટે જાવેદભાઈ કાસમભાઈ કુરેશી વિ. સ્ટેટ ઓફ ગુજરાત 3 Cri. Misc. Application (Regular Bail) No.–01/2023(R. Criminal Appeal No.10/2023) ના ચુકાદામાં આપેલ નિર્દેષ મુજબ રાખવાનો હુકમ કરવામા આવે છે.

**(૧૧)** ઉપરોક્ત હુકમ મુજબ આરોપીના કન્વીશન ફોર્મ તથા સજા ચીઠ્ઠી ભરીને મધ્યસ્થ જેલ, સાબરમતીના જેલરશ્રીને સજાના અમલ માટે મોકલી આપવાનો હુકમ ફરમાવુ છું.

હુકમ આજ રોજ **તા.૩૦, માહે–જુલાઇ , સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ:૩૦/૦૭/૨૦૨૬**
**કલોલ.**

**(બ્રિજેશકુમારી રામેશ્વરસિંહ રાજપુત)**
**ખાસ જજ (પોક્સો) તથા ચોથા અધિક**
**સેશન્સ જજ, કલોલ જી. ગાંધીનગર.**
**(કોડ નંબર–જીજે ૦૦૮૨૬)**

એસ.આર.પી.